
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ



સૌજન્યમૂર્તિ, તત્ત્વચિંતક
સ્વ૦ શ્રીયુત જીવરાજભાઈ ઓધવજી દોશી

પુસ્તક ૬૮ મું ] [ અંક ૧૦ મો

શ્રાવણ

ઇ. સ. ૧૯૫૨ ૨૫ મી જુલાઇ

વીર સં. ૨૪૭૮ વિ. સં. ૨૦૦૮

પ્રગટકર્તા—
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૩-૪-૦

પુસ્તક ૬૮ મું } શ્રાવણ { વીર સં. ૨૪૭૮
અંક ૧૦ મો } { વિ. સં. ૨૦૦૮

## अनुक्रमणिका


૧ શ્રી જીવરાજ પ્રશસ્તિ ... (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૨૦૩
૨ जीवराज श्रद्धाञ्जली... ... ... ... (શ્રી રાજમલ ભંડારી) ૨૦૪
૩ સ્વર્ગસ્થ મુરબ્બીશ્રી જીવરાજભાઈ ... (શ્રી દીપચંદ જીવણલાલ શાહ) ૨૦૫
૪ જ્ઞાન ઉપાસક, તત્ત્વચિંતક ...
સ્વ. શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી ... (શ્રી ચતુર્ભુજ જેચંદ શાહ) ૨૦૭
૫ 'પ્રકાશ' ને પ્રકાશિત કરનાર તારક અસ્ત થયો (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) ૨૧૧
૬ શ્રીમાન્ જીવરાજભાઈ ... ...(શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૨૧૨
૭ સ્વર્ગસ્થ શ્રી જીવરાજભાઈનો અક્ષરદેહ (શ્રી મગનલાલ મોતીચંદ શાહ 'સાહિત્યપ્રેમી') ૨૧૪
૮ સૌજન્યમૂર્તિ જીવરાજભાઈ ... (ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા) ૨૧૮
૯ સ્વર્ગસ્થ શ્રી જીવરાજભાઈ ... ... (શ્રી રાજપાળ મગનલાલ વહોરા) ૨૨૦
૧૦ સ્વ. શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી... (શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા) ૨૨૧
૧૧ સ્વ. શ્રી જીવરાજભાઈ ... ... ... ... ("જૈન") ૨૨૨
૧૨ સદ્ગતને નિવાપાંજલિઓ ... ... ... ... ...(કરાવો) ૨૨૩


## ગ્રાહક બંધુઓને

ગતાંકમાં જણાવી ગયા મુજબ આપની પાસે ચઢેલ લવાજમ વસૂલ કરવા માટે ભેટપુસ્તકનું વી. પી. શરૂ કરવામાં આવેલ છે. સં ૨૦૦૭ તથા સં. ૨૦૦૮ ના લવાજમના રૂા. ૬-૮-૦ તથા **"અક્ષયનિધિ તપ-વિધિ અને અન્ય ઉપયોગી સંગ્રહ"** નામના ભેટ-પુસ્તકના પોસ્ટેજ વી. પી. ચાર્જના ૦-૬-૦ મળી કુલ રૂા. ૬-૧૪-૦ નું વી. પી. કરવામાં આવેલ છે, તો આવ્યેથી સ્વીકારી લેવા વિજ્ઞપ્તિ છે. શરતચૂકથી વી. પી. પાછું ન ફરે તે માટે લક્ષ રાખવા પુનઃ વિજ્ઞપ્તિ છે.

### પૂજા ભણાવવામાં આવી.

આપણી સભાની ૭૧ મી વર્ષગાંઠ પ્રસંગે શ્રાવણ શુદિ ત્રીજ ને શુક્રવારના રોજ સવારના નવ કલાકે સભાના મકાનમાં પ્રભુજી પધરાવી બાર વ્રતની પૂજા ભણાવવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૮ મું.
અંક ૧૦ મો

: શ્રાવણ :

વીર સં. ૨૪૭૮
વિ. સં. ૨૦૦૮

## શ્રી જીવરાજ પ્રશસ્તિ.

ન્યાયાધિકારી જીવરાજભાઇ, જે સાર્થ રીતે જિન ધર્મ ભાઇ;
દીપાવિયું શ્રાવક કુલ જેણે, સેવા કરી ધર્મતણી જ પ્રેમે. ૧

પૂરો કરી માનવ ધર્મ સાર્થ, સ્વર્ગે સિધાવ્યા કરતાં પરાર્થ;
સિદ્ધાંતની બોધક લેખમાલા, લખી 'પ્રકાશે' સુવિચારમાલા. ૨

તત્ત્વાવલંબી વિશદ પ્રકાશ, આપ્યો સહુને સુખદ પ્રકાશ;
કીધા બહુ સંચલને પ્રયાસ, સભા સુકીર્તિ પ્રગટાવી ખાસ. ૩

જીવી બતાવ્યું નિજ ભવ્ય આયુ, સમર્થ રીતે સુખથી વિતાવ્યું;
થાજો અહો બોધક જે સહુને, સદ્ધર્મ થાજો પ્રિય શ્રાવકોને. ૪

શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# जीवराज-श्रद्धाञ्जली.

जहां जीवका साम्राज्य है, नहीं देहका अनुराग है ।
है निष्प्रही निर्ममत्व उनका, नाम ही जीवराज है ॥ १ ॥
जीवका ही राज* पाना, मानवों का ध्येय है ।
देहमें सर्वस्त्र समझना, इसमें नहीं कुछ श्रेय है ॥ २ ॥
हंस करता निज चांचसे, पयसे पृथक् वह नीर है ।
लखते थे बस जीवराज ऐसे, आत्म और शरीर है ॥ ३ ॥
एकान्तमें नित शान्त रहते, जैसे कमल वह पंकसे ।
रहते थे बस जीवराज ऐसे, इसमें नहीं संदेह है ॥ ४ ॥
ग्रेजुएट होते हुवे भी, भौतिक वादसे तो अलिप्त थे ।
थे सत्यशोधक तत्त्वगवेषक, न्याय में निष्णात थे ॥ ५ ॥
अनेकान्त से सब धर्मका, करते समन्वय आप थे ।
सत्य श्रद्धालु अध्यात्मवादी ही कहाते आप थे ॥ ६ ॥
जिन आगमों को कर हृदयंगम, लिखते लेख आप थे ।
जैन फिलॉसॉफी के प्रचारका, ही ध्येय रखते आप थे ॥ ७ ॥
पूज्य कुंवरजी के हरकार्य की, करते सराहना आप थे ।
आदर्श सन्मुख रख सभा का, कार्य करते आप थे ॥ ८ ॥
पूर्ण अनुभव न्यायका कर, कहलाते न्यायाधीश थे ।
थे सत्यप्रेमी धर्मप्रेमी और, न्याय के अखिलेश थे ॥ ९ ॥
इन पंक्ति के लेखक को भी, अनुभव हुवा है आपसे ।
यह राज-गुण जीवराज-श्रद्धाञ्जली करता समर्पित आप से ॥१०॥

राजमल भण्डारी-आगर.

---

* मोक्ष

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વર્ગસ્થ મુરબ્બી જીવરાજભાઈ

શ્રી દીપચંદ જીવણલાલ શાહ, B. A. B. Sc.

ભાવનગરમાં જૈન સંઘના કાર્ય કરનારાઓમાં સ્વર્ગસ્થ જીવરાજભાઇ મુખ્ય હતા. તેમનો જન્મ સને ૧૮૭૭ ના મહા વદ ચૌદશને દિવસે થયો હતો. બચપણથી જ તેઓ એક બુદ્ધિશાળી વિદ્યાર્થી હતા. સને ૧૮૯૬ માં મેટ્રિકની પરીક્ષામાં પહેલે નંબરે પાસ થયા તેથી તેમને સર જશવંતસિંહજી પહેલી સ્કોલરશીપ મળી હતી. સને ૧૯૦૦ માં તેઓ બી.એ. થયા અને શામળદાસ કૉલેજમાં એક વર્ષ માટે ફેલો નિમાયા. સને ૧૯૦૧ માં તેઓ આલ્ફ્રેડ હાઇસ્કૂલમાં મેટ્રિકના શિક્ષક તરીકે નિમાયા. સને ૧૯૦૬ માં તેઓએ એલ.એલ. બી.ની પરીક્ષા ફર્સ્ટ કલાસમાં પસાર કરી અને છ મહિના સુધી હાઇકોર્ટમાં ખાનગી પ્રેકટીસ શરૂ કરી. સ્વર્ગસ્થ સર પ્રભાશંકર પટ્ટણી સાહેબની તેમના પ્રત્યે લાગણી હતી તેથી તેમણે તેમની ભાવનગર હાઇકોર્ટમાં ન્યાયાધીશ તરીકે નીમણુંક કરી. ન્યાયાધીશ તરીકે તેમનું સારું કાર્ય ધ્યાનમાં લઇને જ્યારે ભાવનગરની કાઉન્સીલ વિસર્જન કરવામાં આવી ત્યારે ઘોઘાવાળા સાહેબની ભલામણથી સર પટ્ટણી સાહેબે તેમની ૧૯૩૬ માં સર ન્યાયાધીશ તરીકે નીમણુંક કરી. તે કાર્ય ૧૯૩૯ સુધી કરી તેઓ નિવૃત થયા.

ભાવનગરમાં સર ન્યાયાધીશ હતા તે સમય દરમ્યાન પાલીતાણામાં હજુર કોર્ટની અપીલો સાંભળવા માટે કોઇ કોઈ વાર પાલીતાણે જતા હતા.

તેઓ ભાવનગર રાજ્યની નોકરી કરતાં હતાં તે સમય દરમ્યાન સામાજિક કાર્યોમાં રસ લેતા હતા. સને ૧૯૦૬ માં જ્યારે ભાવનગરમાં જૈન શ્વે૦ કોન્ફરન્સનું યશસ્વી છઠ્ઠું અધિવેશન ભરાયું હતું ત્યારે તેમણે કોન્ફરન્સના જોઇન્ટ સેક્રેટરી તરીકે કાર્ય કર્યું હતું, તે વખતે ભાવનગર સ્ટેટ અને પ્રજા તરફથી એક સુંદર પ્રદર્શન ભરવામાં આવ્યું હતું ત્યારે તેઓએ પ્રદર્શનના સેક્રેટરી તરીકે સેવા આપી હતી.

સને ૧૯૩૮ માં ભાવનગરની પાંજરાપોળને ફંડની જરૂર પડી તે વખતે તેઓ સ્વર્ગસ્થ શ્રી કુંવરજીભાઇ સાથે ફંડ એકઠું કરવા માટે મુંબઈ ગયા હતા અને રૂા. ૫૦૦૦૦)નું ફંડ એકત્ર કરી ભાવનગર પાંજરાપોળની આર્થિક સ્થિતિમાં સદ્ધરતા આણી હતી.

તેઓ ઘણા વર્ષ સુધી આ સભાના ઉપપ્રમુખ હતા અને શ્રીયુત કુંવરજીભાઇના સ્વર્ગવાસ પછી પ્રમુખ તરીકે કાર્ય સંભાળ્યું હતું. તેઓએ છેલ્લા છ વર્ષથી સભાના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માસિકનું સંચાલન સફળ રીતે કર્યું હતું. તેઓ દ્રવ્યાનુયોગના અભ્યાસી હતા અને તે સંબંધી માસિકમાં લેખ લખતા હતા. તેમના લેખો જૈન ફિલૉસૉફી પર હોવાથી સાધારણ માણસોને સમજવાને માટે સ્હેજ કઠણ હતા પણ તેઓ શાસ્ત્રોના તુલનાત્મક અભ્યાસી હોવાને લીધે ચિંતનકારો તેમના તે લેખોને વખાણતા હતા અને તેમને તેવા લેખો લખવાને માટે પત્રો લખતા હતા. માંદગી દરમ્યાન પણ ડૉક્ટરોની વાતો કરવાની મનાઇ છતાં પણ સભાની ઉન્નતિ સંબંધે પુષ્કળ વાતો કરતાં હતાં. આ સભાએ તેઓ એલ.એલ. બી થયા ત્યારે અને સર ન્યાયાધીશ નીમાયા ત્યારે તેમને માનપત્રો આપ્યા હતા.

તેઓ કેળવણીકાર ન હતા પણ તેમને કેળવણી પ્રત્યે પુષ્કળ માન હતું. જૈન સમાજના વિદ્યાર્થીઓ કૉલેજમાં અભ્યાસ કરે તો સારું એમ માનતા હતા. તેઓ કોઇ કોઇ વાર કહેતા હતા કે આપણા લોકો કાળાં બજારો કરીને હમણાં પૈસા કમાય છે તેથી તેઓ પોતાના પુત્રોની કેળવણીની દરકાર કરતાં નથી પણ તેઓ ભવિષ્યમાં પસ્તાવો કરશે. તેમની આ ભવિષ્ય વાણી સાચી પડતી હોય તેમ જણાય છે. અત્યારે વેપાર-ધંધામાં મંદી આવેલ છે. સટ્ટાના વેપારો લગભગ બંધ થશે એમ માનવામાં આવે છે, તેથી પૈસાદાર લોકોને પણ ચિંતા થવા લાગી છે કે પોતાના પુત્રોને હવે કઇ લાઇન શીખવવી? કેળવણીની પ્રગતિ માટે તેઓએ ભાવનગર જૈન બોર્ડીંગના સને ૧૯૨૯ થી અત્યાર સુધી સેક્રેટરી તરીકે સુંદર કાર્ય કર્યું છે. તેઓ બોર્ડીંગમાં વિદ્યાર્થીદીઠ ઓછો ખર્ચ આવે તે પર ખાસ ધ્યાન રાખતા હતા. પોતાનું ઘર બોર્ડીંગની નજીક હોવાથી અવારનવાર બોર્ડીંગની વીઝીટ લેતા હતા અને વિદ્યાર્થીઓને ઉપયોગી સલાહ-સૂચનો આપતા હતા. આજથી લગભગ દશ વર્ષ પહેલાં બોર્ડીંગ પાસે સ્થાયી ફંડ ન હતું તેથી ફંડ કરવા માટે તેઓ જાતે મુંબઇ ગયા હતા અને બોર્ડીંગના બીજા શુભેચ્છકોની મદદથી ફંડમાં રૂા. ૨૦૦૦૦) એકઠા કર્યાં હતાં.

તેઓ સ્પષ્ટ વક્તા હતા અને કોઇ કોઇ વાર સ્પષ્ટ વાતો કહેતાં અચકાતાં નહિ. તેઓ મિલનસાર સ્વભાવના હતા. સમાજના પૈસાને તેઓ પોતાના પૈસા જેવા માનતા હતા. કોઇ પણ રીતે ખોટો ખર્ચ ન થાય તે માટે પૂર્ણ કાળજી રાખતા હતા અને બીજાઓને કાળજી રાખવા સલાહ આપતા હતા.

આવા વિદ્વાન, અભ્યાસી, સેવાભાવી આત્માની ભાવનગરના જૈન સમાજને તેમના સ્વર્ગવાસથી ખોટ પડી છે. પરમેશ્વર તેમના આત્માને શાંતિ આપો એ જ પ્રાર્થના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્ઞાન-ઉપાસક, તત્ત્વચિંતક

# સ્વ. શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી

શ્રી ચતુર્ભુજ જેચંદ શાહ. બી. એ. એલ.એલ. બી.

આધુનિક ઉચ્ચ કેળવણી પામેલા હોવા છતાં તત્ત્વચિંતન અને ધાર્મિક અભ્યાસમાં ઊંડો રસ ધરાવનાર જે થોડા ગૃહસ્થો જૈન સમાજમાં ગણાવી શકાય તેમાં સ્વર્ગસ્થ શ્રી જીવરાજભાઈનું સ્થાન ઘણું આગળ પડતું હતું. શ્રી જૈન ધર્મ પ્રસારક સભાની સ્થાપના વખતથી ઘણા વરસો સુધી તેના પ્રાણ સમાન પ્રમુખ સ્વ શ્રી કુંવરજીભાઈ આણંદજીના સ્વર્ગવાસ પછી સં. ૨૦૦૨ માં જ્યારે આ સભાના પ્રમુખસ્થાને સ્વ. જીવરાજભાઈ ચુંટાયા ત્યારે તેમની ઉમર ૭૦ વર્ષની હતી, છતાં જીવનના અંતિમ કાળ પર્યંત બીજા છ વર્ષ સુધી સ્વ. કુંવરજીભાઈએ પાડેલી ઉચ્ચ પ્રણાલિકાપૂર્વક સભાનું જે ગૌરવ તેમણે જાળવ્યું છે અને ખાસ કરીને સભાના મૂર્ત જ્ઞાન સ્વરૂપ '**શ્રી જૈન ધર્મ પ્રકાશ**' માસિકદ્વારા જૈન સમાજને જ્ઞાનામૃત પીરસવાનું ઊંચું ધોરણ રાખવા તેમણે જે સતત ચિંતન અને લેખનકાર્ય કરેલા છે તે આ સભા ઉપરાંત તત્ત્વજ્ઞ જૈન સમાજ માટે ચિરઃસ્મરણીય રહેશે.

સ્વ. કુંવરજીભાઈ પછી 'શ્રી જૈન ધર્મ પ્રકાશ' બાબત આ સભાને પડેલી ખોટ સ્વ. જીવરાજભાઈએ જે સફળતાપૂર્વક પૂરી હતી તે હવે ક્યારે પૂરાશે તે કહેવું મુશ્કેલ છે, છતાં તેમનું જીવન વૃદ્ધ ઉમરે પણ ધાર્મિક અભ્યાસ, તત્ત્વચિંતન તથા કેળવણીપ્રેમ માટે દરેક સુશિક્ષિત ગૃહસ્થને માટે પ્રેરણારૂપ રહેશે. તેઓ જે ઉદાર અને વિશાળ બુદ્ધિથી ધાર્મિક અભ્યાસ કરતા હતા અને તેના નિચોડરૂપે જે તાત્ત્વિક લેખો લખતા હતા તે જ્ઞાનની ઉપાસના તથા ધર્મ, તત્ત્વ અને સત્યનું પરમ સ્વરૂપ સમજવા માટે ઘણા ઉપયોગી હતા.

સ્વ. જીવરાજભાઈ કેવી ઉચ્ચ ભૂમિકા ઉપરથી લખતા હતા તે સમજવા માટે આપણે તેમના જીવન વિષે પણ થોડું જાણવું જોઈએ. એ તો જાણીતી વાત છે કે–અને બીજા લેખકોના લેખોમાં પણ દર્શાવાશે–સ્વ. જીવરાજભાઈ એક બાહોશ ન્યાયાધીશ હતા. તેઓએ પ્રથમ B. A. થયા બાદ થોડો વખત શિક્ષક તરીકે કામ કરેલું અને પછી LL. B. થયા બાદ થોડા વખતમાં તેમની ન્યાયાધીશ તરીકે નીમણુક થઇ. ન્યાયના સિદ્ધાંતોનું તેમનું તલસ્પર્શી જ્ઞાન અને તેમની સમક્ષ આવતા કેસોમાં તટસ્થ ન્યાયવૃત્તિ જાળવીને વ્યવહાર-કુશળતાપૂર્વક તેઓ જે ચુકાદા–judgments આપતા હતા તેથી વકીલો તથા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપીલ કોર્ટના ન્યાયાધીશોની પ્રશંસાને તેઓ પાત્ર થતા હતા. ન્યાયના ક્ષેત્રમાં પોતાની બાહોશીથી ઉત્તરોત્તર આગળ વધી ભાવનગર સ્ટેટના સર ન્યાયાધીશ પદ સુધી પહોંચવાને તેઓ શક્તિશાળી થયા હતા. તેઓ ન્યાયતંત્રમાં જેમ ઊંચા હોદ્દા ઉપર આવતા જતા હતા તેમ ધાર્મિક અને તાત્વિક અભ્યાસમાં પણ તેઓ આગળ વધતા હતા. તેઓએ B. A. ની ડીગ્રી સંસ્કૃત ભાષાના જ્ઞાન સાથે મેળવી હતી તેથી મૂળભાષામાં શાસ્ત્રોનું વાંચન તથા અભ્યાસ તેમને સુલભ થતા હતા. તેઓ લગભગ અગિયાર વર્ષ પહેલાં સર ન્યાયાધીશ પદેથી નિવૃત્ત થયા પછી વધારે ફુરસદ મળતા તેઓએ ધાર્મિક અભ્યાસ ઘણો વધાર્યો અને આ માસિકમાં તેમના લેખો નિયમિત આવવા લાગ્યા. જૈન ધર્મના યોગ્ય અભ્યાસ માટે તેના દાર્શનિક તત્ત્વો અને સ્યાદ્વાદ સ્વરૂપ, ન્યાય પદ્ધતિ તેમને ઘણા ઉપયોગી લાગતા. તેના ગુરુગમ્ય જ્ઞાન માટે સ્વ આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વર મહારાજ અને તેમના વિદ્વાન શિષ્યો પાસે બેસીને પણ તેઓ ઘણીવાર અભ્યાસ કરતા હતા. પંન્યાસશ્રી ધુરન્ધરવિજયજી ગણિ પાસે તેમણે ન્યાયખંડખાદ્ય જેવા કઠિન ગ્રંથનું વાચન કરેલ અને તેના પરિણામે તેના પર લેખો લખી જનસમૂહને તેનું મૂલ્યાંકન કરાવેલ. કોઈ કોઇ વાર તેઓ સાધુ મુનિમહારાજને પણ અભ્યાસ કરાવતા. તેઓ જૈન દર્શન ઉપરાંત અન્ય દર્શનો તેમજ પાશ્ચાત્ય દર્શનશાસ્ત્ર Philosophyના સાચા જાણકાર તથા અભ્યાસી હતા. તેઓ **'શ્રી જૈન ધર્મ પ્રકાશ'**માં જે લેખો લખતા હતા તે જૈન ધર્મ અને દર્શનશાસ્ત્ર તેમના ઊંડા અભ્યાસના પરિપાકરૂપે હતા. તેઓ તત્ત્વગ્રાહી હોવાથી સ્વભાવે ઘણા નમ્ર તથા સરલ હતા. સર ન્યાયાધીશ જેવા ઊંચા હોદ્દે પહોંચવા છતાં તેમનામાં હોદ્દાનું કદી અભિમાન કે હુંપદ આવેલ નહોતા. તેમ પોતાના કરતાં વધારે ઊંચો હોદ્દો પ્રાપ્ત કરનારની તેમણે કદી ઈર્ષ્યા પણ કરી નથી. મોટા અમલદાર છતાં તેઓ કદી ભારેખમ થયા નથી. પણ નાના મોટા દરેકની સાથે સુમેળ તથા સરલ વ્યવહાર રાખતા.

તેઓ આધુનિક કેળવણીપ્રેમી હતા. ચોવીસ વર્ષ પહેલા ભાવનગર દાદાસાહેબ જૈન બોર્ડિંગનું સુકાન કોઇ સંભાળનાર નહોતું ત્યારે તેમણે એકલા હાથે તેના સેક્રેટરી તરીકે સંભાળ લઈ તેની મોટી સેવા કરી છે. સર ન્યાયાધીશ જેવા મોટા હોદ્દે પહોંચવા છતાં બોર્ડિંગના સેક્રેટરી પદે ચાલુ રહેવામાં તેમને નાનપ લાગી નથી. બોર્ડિંગના વહીવટમાં વધારે ગૃહસ્થો રસ લેતા થાય તે માટે વહીવટી સુધારણા કરવા તથા તેની નબળી આર્થિક સ્થિતિ સુધારવા તેમણે વૃદ્ધ ઉમરે ઘણો પરિશ્રમ લઇ વીસ હજાર જેટલું ફંડ એકઠું કર્યું હતું. મોંઘવારી તથા પ્રતિવર્ષ આવકનું બીજું કોઇ સારું સાધન નહિ હોવાથી તે ફંડની રકમનો કેટલોક ભાગ છેલ્લા પાંચ વરસમાં ચાલુ ખરચમાં વપરાઇ ગયો છે તેથી નવી આવક અથવા વધારે ફંડ ઊભું કરવાની સ્વર્ગસ્થને ઘણી ચિંતા રહેતી હતી.

For Private And Personal Use Only

ફંડ તથા જોઇતી આવકના અભાવે મેટ્રિક તથા કૉલેજમાં અભ્યાસ કરતા ૫૦ વિદ્યાર્થીઓની સંખ્યા ધરાવતી બોર્ડિંગનો વહીવટ વાર્ષિક ફક્ત રૂા. ત્રણ હજાર જેટલા ઓછા ખરચમાં ચલાવવામાં આવે છે. બધો ભોજનખર્ચ વિદ્યાર્થીઓ પોતે કરે છે, પણ અગાઉ તેમના અભ્યાસમાં મદદ માટે જે થોડી રકમની શિષ્યવૃત્તિઓ અપાતી હતી તે પણ ઘણા વરસોથી લગભગ બંધ કરવી પડી છે. બોર્ડિંગને પૈસાની મુશ્કેલીનું મુખ્ય કારણ તો અમદાવાદના એક શ્રીમંત ગૃહસ્થે ( હાલમાં સ્વર્ગસ્થ ) ભાવનગરમાં જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના છઠ્ઠા અધિવેશન પ્રસંગે તેના માનવંતા પ્રમુખ તેમજ પોતાન સ્વ. પિતાશ્રીએ ભાવનગર દાદાસાહેબ જૈન બોર્ડિંગ માટે જાહેર કરેલ ટ્રસ્ટ ફંડની મોટી રકમ તથા તેનું વ્યાજ પણ ઘણા વરસોથી આપવા બંધ કર્યાં તે છે. તે રકમ શકય હોય તો મેળવવા હજુ પ્રયાસ કરવાની જરૂર છે. આશા છે કે બોડિંગના હાલના શ્રીમંત કેળવણીપ્રેમી પ્રમુખ તથા મુખ્ય કાયવાહકો ભાવનગરમાં બોડિંગના આંગણે કૉલેજનો ઉચ્ચ અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને કાંઇક ઠીક મદદ-શિષ્યવૃત્તિઓ આપવા ભાવનગરના જૈન ગૃહસ્થો તેમજ બોર્ડિંગમાંથી અભ્યાસ કરી બહાર પડેલા વિદ્યાર્થીઓ જેમાંનાં ઘણા ગ્રેજ્યુએટો તથા સુખી છે તેમની પાસેથી ફંડમાં સારી રકમ અથવા વાર્ષિક ચાર પાંચ હજાર રૂપીઆ જેટલી મદદ મેળવવા યોગ્ય પ્રયાસ-મહેનત કરશે. એ પણ નોંધવું ઉપયોગી થશે કે ભાવનગરની દાદાસાહેબ જૈન બોર્ડિંગની સ્થાપના ૫૦ વર્ષ પહેલાં થયેલી અને સૌરાષ્ટ્રમાં અને ઘણું કરીને મુંબઈ કે ગુજરાતમાં પણ તે સૌથી જૂની જૈન બોડિંગ છે. તેની શરૂઆતમાં આ સભાના પ્રમુખ સ્વ. કુંવરજીભાઇ કેટલાય વરસો સુધી સેક્રેટરી હતા. અને તેને સદ્ધર સ્થિતિમાં મૂકવામાં તેઓશ્રીનો પૂર્ણ હિસ્સો હતો.

આ સભાના પ્રમુખ તથા સેક્રેટરીઓ કેળવણીના વિષયમાં હંમેશા સાચો રસ લેતા આવ્યા છે. સ્વ. જીવરાજભાઇએ પોતે સર ન્યાયાધીશ જેવા ઊંચા હોદ્દે આવવા છતાં બોર્ડિંગના સેક્રેટરી તરીકે સેવા આપવી ચાલુ રાખી હતી અને જીવનના અંત સુધી સેક્રેટરી તરીકે ચાલુ રહ્યા હતા તે તેમનો કેળવણી તથા વિદ્યર્થીપ્રેમ કેવો સારો હતો તે દર્શાવે છે. બોડિંગના હાલના કેળવણીપ્રેમી શ્રીમંત દાનવીર પ્રમુખ તથા મુખ્ય કાર્યવાહકો પાસેથી સ્વ.. જીવરાજભાઇના કાર્યને વધુ સારી રીતે શોભાવવા અને તેની આર્થિક સ્થિતિ સુધારવાની આશા રાખવી વધારે પડતી નથી.

આધુનિક કેળવણી પામેલા ગ્રેજ્યુએટ ધાર્મિક અભ્યાસ કરે તો ધર્મ અને વ્યવહારનો કેવો સુંદર સમન્વય સાધી શકે છે તે સ્વ. શ્રી મોતીચંદ ગિરધરલાલ તથા મુંબઇ અમદાવાદન બીજા ઘણા જૈન ગ્રેજ્યુએટોના જીવનકાર્ય ઉપરથી જોઇ શકાય છે. હાલમાં જૈન શ્વે. કૉન્ફરન્સના ઓગણીસમા મુંબઇ અધિવેશનના પ્રમુખ મહાશય શ્રી અમૃતલાલ કાળીદાસ દોશી એક ગ્રેજ્યુએટ છે. તેમનો ધાર્મિક

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભ્યાસ કેટલો ઊંડો, ધર્મ ભાવના કેટલી પ્રબળ તથા વિશાળ, તેમનું વ્યવહારિક જીવન કેટલું ઉન્નત છે તેની કોન્ફરન્સના પ્રમુખસ્થાનેથી તેમણે આપેલા સ્વયંપ્રેરિત સ્વયંલેખિત ભાષણ ઉપરથી તથા તેમના તરફથી વિદ્વાનો મારફત ઘણા સંશોધન–પરિશ્રમપૂર્વક મોટા ખરચે પ્રસિદ્ધ થયેલા પ્રતિક્રમણ સૂત્ર–પ્રબોધ ટીકાના ગ્રંથો ઉપરથી પ્રતીતિ થાય છે. આ એક આધુનિક ઉચ્ચ શિક્ષણ સાથે ધાર્મિક સંસ્કાર, જ્ઞાનઉપાસના અને શ્રીમંતાઇના સુંદર સુમેળનું પરિણામ છે. જે સર્વ કોઇને પણ અનુકરણીય છે. જૈન સંઘ તથા સમાજના ધર્મધુરંધરો અને આગેવાનો આધુનિક કેળવણી પામેલાઓમાં વિવેક અને બુદ્ધિપૂર્વક ધર્મ વિષયક જ્ઞાન અને સંસ્કારોનું સિંચન કરે તથા તેમને યોગ્ય ઉત્તેજન આપે તો સ્વ. મોતીચંદભાઇ, સ્વ. જીવરાજભાઈ અને હાલના શ્રી અમૃતલાલભાઈ જેવા અનેક વિદ્વાનો જૈન સમાજમાં પેદા થશે અને "સવિ જીવ કરું શાસનરસી"ની ભાવના હાલ જે ઉપાશ્રયો, વ્યાખ્યાનો, મંદિરો અને સાંપ્રદાયિક ધર્મક્રિયાઓ પૂરતી મર્યાદિત છે તે દુનિયાભરમાં વિસ્તરે તેટલી જૈન ધર્મની ભાવના અને તેના વ્યવહારિક સિદ્ધાંતો વિશાળ છે.

ભાવનગર જૈન સંઘના મુખ્ય આગેવાનો ધર્મની વિશાળ ભાવના સાથે આધુનિક કેળવણીને હંમેશા પ્રોત્સાહન આપતા આવ્યા છે. તેઓમાં સ્વ. જીવરાજભાઇનું સ્થાન અગ્રપદે હતું. છેલ્લા એક વર્ષથી શારીરિક નબળાઇ વધી તે પહેલાં તેઓશ્રી સંઘની દરેક કાર્યવાહીમાં આગળ પડતો ઉત્સાહપૂર્વક ભાગ લેતા હતા, અને તેઓશ્રીની સલાહ તથા માર્ગદર્શન માટે સંઘમાં દરેકને માન હતું. જૈન સંઘ, જૈન બોર્ડિંગ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા ઉપરાંત તેમણે ભાવનગર પાંજરાપોળના પ્રમુખ તરીકે પણ ઘણા વરસો સુધી સેવા કરી હતી. નિવૃત્તિ તથા વૃદ્ધાવસ્થામાં તેમણે કદી પ્રમાદનું સેવન કર્યું નથી. ઉલટું ઉપરની સંસ્થાઓની કાર્યવાહીમાં તેઓ વધારે સક્રિય અને ઉત્સાહપૂર્વક ભાગ લેતા હતા. વૃદ્ધાવસ્થામાં પણ કેમ જાગૃત, સ્વસ્થ અને ક્રિયાશીલ રહેવું તથા સમાજને ઉપયોગી થવું તે આ માસિકમાં તેમના વૃદ્ધત્વમીમાંસાના લેખો તથા તે અનુસાર તેમની જીવનચર્યા ઉપરથી જોઈ શકાય છે. સ્વર્ગસ્થને સ્મરણાંજલિરૂપ આ ટૂંકા લેખમાં તેમના જીવનનું પૂરતું આલેખન થવું મુશ્કેલ છે, તો પણ ગુણગ્રાહી દૃષ્ટિએ તેમની જ્ઞાન ઉપાસના, તત્ત્વચિંતન, ન્યાયબુદ્ધિ, કેળવણીપ્રેમ તથા નમ્રસેવાભાવમાંથી આપણે થોડુંઘણું ગ્રહણ કરશું અને તેમના કાર્યને અપનાવશું તો સ્વર્ગસ્થના આત્માને શાંતિ અને અંજલિ અર્પણ કરવા ઉપરાંત તેમના સ્વર્ગવાસથી સ્વાભાવિક રીતે તેમના બહોળા સુશિક્ષિત સુખી કુટુંબને જે ખોટ પડી છે તે કરતાં તેમના જેવા આગેવાન જૈન ગૃહસ્થોના સ્વર્ગવાસથી જૈન સમાજને જે એક પછી એક વિશેષ ખોટ પડતી આવે છે તે થોડી ઘણી પૂરાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ‘ પ્રકાશ ’ને પ્રકાશિત કરનાર તારક અસ્ત થયો.

લેખક:—**શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી.**

**કાળની** ખંજરી બજી ગઇ, અને જૈનધર્મના અભ્યાસમાં અનુભવી અને નિષ્ણાત ગણાતા, માત્ર જ્ઞાનના જ ઉપાસક નહીં પણ એ સાથે ક્રિયા માટે પણ સંપૂર્ણ ખંત ધરાવનારા શેઠશ્રી કુંવરજીભાઇ ચાલી ગયા ! આ માનવભવના ખોળિયાને ત્યજી ગયા ! ત્યારે સ્નેહીવર્ગને આઘાત થાય એ તો સ્વાભાવિક છે પણ સુપ્રસિદ્ધ એવી શ્રી જૈનધર્મ પ્રસારક સભા અને એ દ્વારા ચાલતા માસિક ‘ શ્રી જૈનધર્મ પ્રકાસ ’નો તો આત્મા ઊડી ગયો એમ સારા ય જૈન સમાજમાં બોલાઇ રહ્યું ! વાત ખોટી નહોતી જ. જેઓએ પ્રસારક સભામાં દિવસ અને રાત્રિના કલાકો ગાળતા, માસિકમાં પીરસવાની વાનીઓનો વિચાર કરતા કે ધર્મચર્ચા વા પ્રૂફશોધનના કાર્યમાં સદૈવ રત રહેતા એ મુરબ્બીશ્રીને જોયેલા છે તેઓને મન, ઉપરની અસર થાય એમાં કંઇ જ આશ્ચર્ય ન લેખાય.

‘ દુઃખનું ઓસડ દહાડા ’ એ જનઉકિત મુજબ દુઃખ વિસારે પડતું ગયું અને એ જલ્દી ભૂલાય તેમજ સભાની પ્રવૃત્તિના મુખ્ય અંગ સમા ‘ શ્રી જૈનધર્મ પ્રકાશ ’ના કાર્યને અલવલ ન આવે એમાં સબળ પ્રયત્ન જો કોઇનો પણ ઉલ્લેખનીય હોય તો તેમની પછી પ્રમુખસ્થાને આવનાર શ્રીયુત્ જીવરાજભાઇ ઓધવજી દોશીનો હતો.

પણ આજે એ તારકનો અસ્ત થવાથી ભૂતકાળની સ્મૃતિમાં અવગાહન કરવું પડે છે. તેઓશ્રીના જવાથી માસિક-આજે અનુભવ, અભ્યાસ અને સમન્વય સાધતી સામગ્રી-વિહૂણું બન્યું છે.

કૉલેજમાં ફેલોશીપ મેળવનાર, ધારાશાસ્ત્રી તરીકે આગળ વધી ભાવનગર સંસ્થાનમાં વડા ન્યાયાધીશના માનવંતા અધિકાર પદ પર આરૂઢ થનાર અને પેન્શન પ્રાપ્ત થયા પછીનું સારુંયે જીવન શિક્ષણ અને સાહિત્યના કાર્યોમાં ખર્ચનાર અગર તો અવકાશનો સમય ચિંતન અને મનનમાં વ્યતીત કરનાર પ્રમુખ પુનઃ મળવા મુશ્કેલ છે.

એક સ્થળે કહેવાયું છે કે—‘ શ્રીયુત્ જીવરાજભાઇનો જીવનદીપ બુઝાતા ભાવનગરનું સંસ્કાર-ધન ઓછું થયું ’ એ વાતમાં કંઈ જ અતિશયોક્તિ જેવું નથી જ. ‘ યુરોપના સંસ્મરણો ’માં સ્વર્ગસ્થ શ્રી મોતીચંદભાઈએ હર્મન જેકોબી જેવા વિદ્યાવ્યાસંગીને પોતાના આવાસમાં વિવિધ પુસ્તકોથી ભરેલા કબાટો વચ્ચે સમય વીતાવતા નોંધ્યા છે અને ખરે જ વિદ્વાનો માટે જ્ઞાન કરતાં મોટું કોઇ ધન કે મોજ નથી. એવી જ રીતે મારે જ્યારે જ્યારે મુરબ્બી શ્રી જીવરાજભાઇને મળવાનો પ્રસંગ આવ્યો છે ત્યારે ત્યારે મેં તેઓશ્રીને તેમના મકાનના કમરામાં જુદા જુદા ગ્રંથના મનન-ચિંતવનમાં જ જોયા છે. વાર્તાલાપમાં મહત્વનું સ્થાન રોકે એવી ચર્ચા કયાં તો કોઇ ગ્રંથ અંગે સંભવે અથવા તો જૈનધર્મ પ્રકાશની સામગ્રી સંબંધી નીકળે. જેમના જીવનમાં શિક્ષણ, સાહિત્ય અને સંસ્કાર-વિકાસ ભર્યા પડ્યા હોય, અરે ! જેઓ એ દ્વારા જ સમાજોત્થાનના સોણલા સેવતા હોય, અને જેઓના એ દિશામાં પ્રયત્નો જીવનના અંત સુધી ચાલુ રહ્યા હોય એ આત્માને માટે ‘ **જીવન ધન્ય કરી ગયા** ’ એમજ કહેવાનું ઉચિત લેખાય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીમાન્ જીવરાજભાઈ.

લેખકઃ—'સાહિત્યચંદ્ર' શ્રી બાલચંદ હીરાચંદ-માલેગામ.

નિંઝાળા કૉન્ફરન્સ પ્રસંગે શ્રીમાન્ કુંવરજીભાઈ સાથે શ્રી જીવરાજભાઇ પધારેલા ત્યારે તેમની સાથે મારી પ્રથમ ઓળખાણ થઇ. ત્યારે ભાવનગર રાજ્યમાં તેઓ ન્યાયાધીશનો હોદ્દો ધારણ કરી ખૂબ નામના મેળવી છે એટલી જ એમના માટે મને માહિતી મળેલી હતી. હું પાછળથી ભાવનગર ગયો. કૉન્ફરન્સના પ્રમુખ સાહેબનું સ્વાગત કરવા માટે સ્ટેશન ઉપર તેઓ સાહેબ પધારેલા તે વખતે હું પણ ત્યાં હાજર હતો. તે વખતે થોડો પરિચય થયો, ત્યારે તેમના મોભાની મને જાણ થઈ. પણ એક ન્યાયાધિકારી ધાર્મિક બાબતોમાં કેટલો રસ લે છે અને કેટલો ઊંડો અભ્યાસ કરે છે તેની મને જરા ય કલ્પના હતી નહીં.

શ્રી જૈનધર્મ પ્રસારક સભાના તેઓ પ્રમુખ થયા અને શ્રી જૈનધર્મ પ્રકાશ માસિકમાં તેમના તત્ત્વજ્ઞાન વિષયક લેખો જ્યારે મારા વાંચવામાં આવ્યા ત્યારે આંગ્લ વાઙ્મયનો તાત્ત્વિક વિષયોનો તેમનો ઊંડો અભ્યાસ અને જૈન તત્ત્વજ્ઞાન સાથે તેનો સુમેળ અથવા વિરોધ બતાવવાની તેમની વિચારપદ્ધતિ વાંચતાં તેમના સંબંધમાં મારો આદર ખૂબ વધ્યો. અને તેમના લેખો હું આદર અને રસ-પૂર્વક વાંચવા માંડ્યો અને એમના તત્ત્વજ્ઞાન વિષયક અભ્યાસ માટે મને ખૂબ જ આનંદ થતો. તે સાથે જ પંડિત જૈનાચાર્યો સાથેનો તેમનો પરિચય અને તાત્ત્વિક વિષયો વિષે તેમની જિજ્ઞાસા ખૂબ જ જોવામાં આવતી હતી. અનેક તત્ત્વો વિષે તેમનો તલસ્પર્શી અભ્યાસ કોઇપણ વાંચકને તેમના માટેની પૂજ્ય-બુદ્ધિ ઉપજાવનાર હતો, એમાં જરા ય શંકા નથી. તેમના લેખો વાંચ્યા પછી એવા ઉચ્ચ કોટીના લેખો કેટલા લોકો વાંચતા હશે એવી મને શંકા ઉપજતી. એટલું જ નહીં પણ સામાન્યજનો તો એવા લેખો વાંચ્યા વગર મૂકી જ દેતા હશે એવી મને કલ્પના થતી અને ખેદ થતો.

શ્રી શત્રુંજય આદિ તીર્થોના યાત્રા કરવા હું ગયો હતો ત્યારે ભાવનગર મારું જવું થયું. તે સમયે હું શ્રીમાન્ જીવરાજભાઇને ખાસ મળવા ગયો હતો. તેમની સાદાઈ, સરળતા અને આદરાતિથ્ય જોઇ તેમના માટેના આદરમાં ખૂબ જ વધારો થયો. શ્રી જૈનધર્મ પ્રકાશ માસિકમાં આવતા લેખો માટે અમારા વચ્ચે ખૂબ જ રસપ્રદ ચર્ચા થઇ. સામાન્ય વાચકો માટે રસપ્રદ લેખો માસિકમાં આવે, તેમજ સ્ત્રીઓ માટે અને બાલકો માટે પણ માસિકમાં લેખો આવતા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહે તો માસિક વધુ લોકપ્રિય બને એવી મેં તેમને સૂચના કરી હતી. તેમજ માસિક સચિત્ર અને વધુ દળદાર થાય એવી પણ મેં સૂચના કરી હતી. ઇનામી નિબંધો, લેખો વિષે પણ ચર્ચા થએલી હતી. તેમની સાથેની ચર્ચામાં તેમણે એવો અભિપ્રાય ઉચ્ચાર્યો હતો કે–અમારું માસિક અમો વ્હાણી તરીકે નભાવીએ છીએ અને ધર્મરસિક વર્ગ પાસેથી આર્થિક સહાય મેળવી ચલાવીએ છીએ. એમાં આર્થિક દૃષ્ટિથી તો નુકસાન જ આવે છે. માત્ર અમારા માસિક ઉપર કોઇ વ્યક્તિ કે વર્ગનું વર્ચસ્વ અમોએ રાખેલું નથી. અમો સ્વતંત્ર રહી મૌલિક લેખોને જ માસિકમાં સ્થાન આપીએ છીએ. એવી એવી તો ઘણી ચર્ચા તેમની સાથે થઇ. તેઓ ખુલ્લા દિલે બોલતા ગયા અને મારા મન ઉપર ઊંડી છાપ પડતી ગઈ.

ત્યારપછી માસિકને આર્થિક સહાય મેળવવા માટે જાહેર ખબરો લેવા માટે મેં સૂચન કર્યું. ત્યારે તેઓ સાહેબે તેમાં વિશેષ રસ બતાવ્યો નહીં તો પણ પુસ્તકો અને ગ્રંથોની કોઇ જાહેર ખબરો મળે તો લેવામાં હરકત નથી એવો અભિપ્રાય એમણે ઉચ્ચાર્યો હતો. એમની સાથેની ચર્ચામાં પરસ્પર ખૂબ આનંદ આવ્યો હતો. સામાન્ય વાચકો માટે કથાવિષયક લેખો કોઇ કોઇવાર અમો લઇએ છીએ એવા વિચારો એમણે જણાવ્યા હતા.

શ્રીમાન્ જીવરાજભાઇના અવસાનથી એક આંગ્લ વિદ્યા–વિભૂષિત જૈન તત્ત્વજ્ઞાનીની ખોટ પડી છે. એમના લેખોનું સ્મરણ ઘણા કાળ સુધી રહેશે એમાં શંકા નથી. એમની વૃદ્ધાવસ્થા અને લથડતી પ્રકૃતિ છતાં તેઓ માસિકમાં મૌલિક લેખો લખતા એ એમના માટે આદર ઉપજાવે એવી વસ્તુ છે.

આપણા ઊગતા સુવિદ્ય યુવકવર્ગે તેમનું ચરિત્ર નજર સામે રાખી તે દિશામાં પોતાની પ્રવૃત્તિ આદરવી જોઇએ. આંગ્લ ભાષામાં આંગ્લ પંડિતોએ લખેલું તત્ત્વજ્ઞાન વાંચ્યા પછી આપણું જ્ઞાન પૂર્ણ થયું એમ સુવિદ્ય યુવકોએ સમજી અને માની લેવું નહીં જોઇએ. જૈન તત્ત્વજ્ઞાન સંસ્કૃત અને માગધી ભાષામાં લખેલું મહાસાગર જેવું છે, એ ધ્યાનમાં રાખી તે દિશામાં પ્રયત્ન આદરવો જોઇએ. અને શ્રી જીવરાજભાઇની પેઠે તુલનાત્મક અભ્યાસ કરવો જોઇએ જેથી આપણે કયાં છીએ એનું આપણને ભાન થશે. જૈનધર્મ એ તત્ત્વજ્ઞાનીઓનો ધર્મ છે એવું જૈનેતર પંડિતો આદરથી કહે છે, ત્યારે એ માટે આપણે ઉદાસીન રહીએ એ આપણા માટે શોભાસ્પદ નથી. શ્રી જીવરાજભાઇનો આદર્શ આપણને માર્ગદર્શન કરે તેવો છે. માનવજીવન અપૂર્ણ અને અશાશ્વત છે એ ધ્યાનમાં રાખી સ્વર્ગસ્થના પગલે ચાલવાની આપણા યુવકોમાં સદ્‌બુદ્ધિ જાગે એ જ અભ્યર્થના સાથે વિરમું છું.

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વર્ગસ્થ શ્રી જીવરાજભાઇનો અક્ષરદેહ

યા

## એક વૈરાગી આત્મા સંસારીના કપડામાં.

卐

લેખક—શ્રી મગનલાલ મોતીચંદ શાહ, "સાહિત્યપ્રેમી"–સુરેન્દ્રનગર.

"जातस्य हि ध्रुवो मृत्युः, कालस्य त्वरिता गतिः ॥"

આ શાસ્ત્રીય અને બોધપ્રદ વાક્યો આપણે ઘણી વખત વાંચીએ છીએ અને સાંભળીએ છીએ, પરંતુ શ્રીમાન્ જીવરાજભાઇના સ્વર્ગવાસના ખબર સાંભળતાં જ એક જૂનું વાક્ય યાદ આવ્યું.

**હે નર્મદ ! આખરે જુદાઇ જ.**

સાક્ષરશિરોમણિ નવલરામભાઈ, શ્રી નર્મદાશંકરભાઇને ઉદ્દેશીને કહે છે–હે નર્મદ ! આખરે જુદાઇ જ. સાક્ષરોના મુખમાંથી કોઇ કોઇ વાર એવા ભાવભીના શબ્દો નીકળી આવે છે કે તે વાંચતાં જ આપણી ઊર્મિઓ સ્વાભાવિક રીતે જ ઉછળી આવે છે, જુદાઇ શબ્દ સાંભળતાં જ કંઇ કંઇ વિચારો પ્રગટી નીકળે છે. આ જુદાઈ કાંઈ થોડા દિવસની નથી. આ તો કાયમની જુદાઇ કે જ્યાં હવે પછી મળવાનું જ નથી. મિત્ર હૃદય મળવાને ઘણું તલસે છે, પણ હવે મળવાનું ક્યાંથી ? આ તો કાયમની જ જુદાઇ ! નવલરામભાઇએ નર્મદાશંકરનું જીવનચરિત્ર લખ્યું તેનો પહેલો શબ્દ એ જ હતોઃ

**હે નર્મદ ! આખરે જુદાઇ જ.**

શ્રીમાન્ જીવરાજભાઇનો દેહોત્સર્ગ એ આપણે માટે કાયમની જુદાઇ. હવે તેમને મળવાનું નથી, તેમનો સત્સંગ થવાનો નથી, તેમની વાણી સાંભળવાની નથી, તેમની સલાહ મળવાની નથી, તેમજ તેમના અતિ કિંમતી અને રસભર્યા લેખો હવે વાંચવા મળવાના નથી. આ આપણી કાયમની જુદાઈ. જેને જેટલો સંબંધ તેટલું તેને દુઃખ એ કહેવાની જરૂર રહેતી નથી. સંસારની યાત્રા પૂરી થતાં સૌને એ જ માર્ગે જવાનું છે, રાયથી રંક સુધી અને બાળથી વૃદ્ધ સુધી સૌને માટે એ માર્ગ નિર્માણ થયેલો છે ત્યાં અંતરની ગમે તેટલી લાગણી છતાં વ્યવહારભાવે સમભાવવૃત્તિ રહે એ જ ઇષ્ટ છે.

સ્વર્ગસ્થ શ્રીમાન્ જીવરાજભાઈનું સ્મરણ થતાં આપણને ગુણબુદ્ધિએ ઘણું જ લાગી આવે છે, પણ નિરુપાય.

હવે તેમના જીવન સંબંધે સંક્ષિપ્ત વિચારણા કરીએ.

તેમના જીવનના ત્રણ ભાગ પાડી શકાય. પહેલા ભાગમાં સમયોચિત ઉત્કૃષ્ટ કેળવણીની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્તિ કરી કે તે સમયે તેની કિંમત અને મરતબો ઘણાં અંકાતાં હતાં. બીજા ભાગમાં સારી અર્થપ્રાપ્તિ, ઉત્તમ અધિકારીપદ, ઉજ્વળ વ્યાવહારિક સુખ, ત્રીજા ભાગમાં એટલે નિવૃત્તદશામાં એકલક્ષી સેવા અને આરાધના. આત્મિક વાચન, મનન અને નિદિધ્યાસન. સેવાને તેમણે પ્રધાનપદ આપ્યું છે. સેવા કરવાનું કહેવું ઘણું સહેલું છે પણ સેવા કરી બતાવવી અતિ વિષમ છે. તેઓશ્રીએ પોતાની નાદુરસ્ત તબીઅતમાં પણ યુવાનને શોભે એવી સેવા બજાવી દાખલો બેસાર્યો છે.

તેઓશ્રીનું સેવાનું ક્ષેત્ર ઘણું વિસ્તૃત હતું. પાંજરાપોળ, જૈન સંઘ, જૈન શ્વે. કોન્ફરન્સ, દાદાસાહેબ બોર્ડિંગ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા અને બીજાં ઘણાં ખાતાઓમાં તેમની સેવા કાયમ મળ્યા કરતી. તેઓશ્રીની સલાહ ને સૂચનાથી આ સર્વ ખાતાં આજેય પણ ભાવનગરમાં સુંદર કાર્ય કરી રહ્યાં છે. પોતે કેળવણીપ્રિય હોવાથી તેમજ સમાજના વિદ્યાર્થીઓને સારી રીતે વ્યાવહારિક અને ધાર્મિક કેળવણી મળે એ હેતુથી જૈન બોર્ડિંગને ઊંચા પાયા પર લાવી મૂકી છે. ભાવનગર જૈન બોર્ડિંગ આજે નમૂનેદાર ગણાય છે, તેનો ખરો યશ શ્રી જીવરાજભાઇને ઘટે છે. વધારામાં વધારે આકર્ષક અને ન ભૂલાય તેવી સેવા શ્રી જૈન ધર્મ પ્રસારક સભાની છે. સભા સાથે તેમનો ઘણા વર્ષનો જૂનો સંબંધ છે. ઉપપ્રમુખ તરીકે શ્રાદ્ધવર્ય સ્વ. શ્રી કુંવરજીભાઇને બહુ મદદગાર થઇ રહ્યા હતા. શ્રી કુંવરજી ભાઇના દેહોત્સર્ગ પછી પ્રમુખ તરીકેની સઘળી જવાબદારી વહોરી લીધી જે યાવજ્જીવન પાળી અને સાંગોપાંગ દીપાવી. ઉપપ્રમુખ તરીકેના અધિકારમાં તેઓશ્રીએ કેટલાંક મહત્ત્વનાં કાર્યો કર્યાં, તેમાં ગોલ્ડન જ્યુબિલીનો પ્રસંગ અતિ મહત્ત્વનો છે. તેમાં તેમણે ભારે કુનેહ ને કુશળતા બતાવ્યાં હતાં. રાજના મોટા અધિકારપદે હોવાથી સમાજના સેવા ને માનમરતબો વધારી શકયા હતા.

તેઓશ્રી સ્પષ્ટ વક્તા અને ઉત્કૃષ્ટ લેખક હતા. તેમના લેખોમાં વિદ્વત્તા, અનુભવદૃષ્ટિની વિશાળતા અને પરિપક્વ જ્ઞાન ભરેલાં છે. સાક્ષરોની ઊંચી કોટિમાં આવી શકે એવા એ લેખો છે. ઘણા લેખોમાં જૈન દૃષ્ટિ અને અન્ય દૃષ્ટિનો સુંદર નીચોડ કાઢ્યો છે, તેમાં જૈન દર્શન એ વિશ્વદર્શન છે એવું પ્રમાણ અને ન્યાયપુરઃસર સાબિત કરી આપ્યું છે. એ જૈન ધર્મના ઊંડા અભ્યાસ અને વિચારબળનું પરિણામ છે. જૈન દર્શન એ વૈજ્ઞાનિક તેમજ સાત્વિક અને આત્મિક દર્શન છે એ યુક્તિપૂર્વક બતાવી ઊંચી કોટિના સાક્ષર તરીકેની લાયકાત પૂરવાર કરી આપી છે. સ્વભાવસિદ્ધ એ લેખોની કિંમત કરવી તેના કરતાં એક વખત વાંચી જવાની સમાજને ભલામણ કરવી એ વધારે સારું છે.

તેમનો કર્મવાદનો લેખ પ્રથમ દૃષ્ટિએ આવે છે. આ લેખમાં તેઓશ્રીએ કર્મના અચળ કાયદાને સિદ્ધ કરી બતાવ્યો છે. તેમાં તેમણે પોતાના પૌત્રનો જ દાખલો આપ્યો છે, જે ઘણો જ અસરકારક છે. છવ્વીશ સતાવીશ વર્ષના આ યુવાન પૌત્ર એલ. સી. પી. એસ. થયા પછી મુંબઇમાં જ સર હરકીસન હોસ્પીટલમાં આસિ. હાઉસ સર્જન તરીકે કામ કરતા હતા. તબીયત જરા નરમગરમ રહેવાને કારણે ગ્લુકોઝનું ઇંજેકશન આપ્યું ને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થોડી જ વારમાં પ્રાણ ચાલ્યા ગયા. કર્મનો જ આ અચળ કાયદો બતાવી તેઓશ્રી લખે છે કે " જોતજોતામાં અમને સૌને રોતાં મૂકીને એ ચાલ્યો ગયો. " આ શબ્દો ઘણા જ અસરકારક છે. આપણને પણ એ શોકગ્રસ્ત કરી નાખે છે. આ અસાધારણ બનાવની તેઓશ્રીના શરીર પર ઘણી ઊંડી અસર થઇ હોય અને આ જીવનદીપક બૂઝાયો હોય એમ આ નિમિત્તે કહી શકાય.

ગ્લુકોઝનું ઇંજેકશન ખાસ નુકશાન કરતું નથી તેમજ ડૉકટરની એવી ભારે માંદગી પણ નહોતી. વળી તેવાં ઘણાં ઇંજેકશન ડૉકટરે પોતે જ ઘણાંને આપેલાં છે એટલે આ ભયવાળી વસ્તુ ન હતી, છતાં આ બનાવ એ ભાવિની વિચિત્ર ગતિ જ કહી શકાય. આ લેખ ખાસ મનનીય છે.

વૃદ્ધત્વમીમાંસાનો છેલ્લો લેખ ભારે આવકાર પામ્યો છે. દરેક લેખ ઉપર સારગ્રાહી વિચારણા કરવા જેવું છે પણ તેમ અહીં બની શકે નહીં, જેથી તેમાંનાં કેટલાકનાં નામ માત્ર અહીં આપું છું.

જ્ઞાનપ્રામાણ્યવાદ, દ્રવ્યજીવ ને ભાવજીવ, કલ્પસૂત્ર ને પર્યુષણા પર્વ, પર્યુષણા પર્વ અને ગણધરકલ્પલતા, માનસશાસ્ત્ર અને ધર્મ, સ્વતંત્ર ભારતમાં જૈનદર્શનને સ્થાન, તત્ત્વાર્થશ્રદ્ધા અને સમ્યગ્દર્શન, ન્યાયખંડખાદ્ય, કાળની વિચારણા, વંશપરંપરાગત કર્મનો નિયમ, સંસ્કૃતિ ને ધર્મ, દેહપ્રમાણજીવમીમાંસા, ભવ્યઅભવ્યવિચારણા, ઉચ્ચ સ્ત્રીશિક્ષણ, જ્ઞાનમીમાંસા, જ્ઞાનપ્રામાણ્યવાદ, સાંવ્યવહારિક પ્રત્યક્ષ તાર્કિક જ્ઞાન અને આત્મજ્ઞાન. આ એમનો અક્ષરદેહ.

આ સર્વ લેખો અભ્યાસીને વાંચવા યોગ્ય છે. ભાષા શુદ્ધ, સાદી, પ્રૌઢ અને રસિક છે. આમાં ઝડઝમક નથી પણ ઊંડું તત્ત્વજ્ઞાન છે, આમાં ભ્રામક વિચારો નથી પણ સાત્વિક ઉપાસના છે. આ સર્વ લેખો છપાઇને જૂદા પુસ્તકરૂપે બહાર પડે એ ઇચ્છનીય છે.

નવા વર્ષના પ્રારંભના લેખો પણ તેમના વિચારવા યોગ્ય છે. સમાજને ઉદ્દેશીને તેમણે ઘણી જ મોંઘી સૂચનાઓ કરી છે. પ્રખર અનુભવી હોવાથી સમાજની સ્થિતિનો ચિતાર, સમાજનું વ્યાવહારિક, ધાર્મિક અને રાજકીય ભાવી સુંદર રીતે ચિતરી બતાવ્યુ છે. તેમણે હાલના કૉલેજીયનો અને નવયુવકોને સામાજિક સેવાનું સૂચન કર્યું છે પણ તે દલીલ બહેરા કાને અથડાઇ છે. કોઇ ગ્રેજ્યુએટ કે કૉલેજીયન સેવાને માટે તૈયાર થઇ બહાર આવ્યો હોય એવું આપણા જોવામાં આવતું નથી. આપણા યુવકોની જિંદગી બહુ નિરાશા ઉત્પન્ન કરે તેવી છે. ડૉ. પ્રફુલ્લચંદ્ર રોય કહે છે કે–દુનિયામાં જો કોઇ બહુ દયાજનક પ્રાણી ( Pitiable creature ) હોય તો તે હિંદુસ્તાનની યુનિવર્સિટીનો ગ્રેજ્યુએટ છે. આ આપણા ગ્રેજ્યુએટની સ્થિતિ.

તેઓશ્રી ઉત્તમ સમાલોચક હતા. તેમણે પુસ્તકો ઉપર કરેલી સમાલોચના વાંચવા જેવી છે. આ પદ્ધતિ નવલરામભાઇને મળતી છે. નવલરામભાઇએ લખ્યું છે કે–વિવેચન

For Private And Personal Use Only

આપવું ત્યારે કાંઇક વિસ્તારથી જ આપવું એવો અમારો વિચાર હોવાથી અમે એવો નિયમ રાખ્યો છે કે કેટલાંક પુસ્તકની માત્ર પહોંચ જ આપવી, કેટલાક વિષે સામાન્ય વિચાર માત્ર પાંચ દશ લીટીમાં દર્શાવી દેવા અને થોડાં ઉત્તમ પ્રતિનાં પુસ્તકનું વિવેચન વિસ્તારથી કરવું.

મારા ઉપર તેઓશ્રીના ઘણા પત્રો આવેલા છે. આ પત્રોમાં તેઓશ્રી મારા પરનો પ્રેમ વ્યક્ત કરે છેઃ એક પત્રમાં જણાવે છે કે–તમારા લેખો અને કાવ્યો મને બહુ પસંદ પડ્યા છે, આ પ્રવૃત્તિ ચાલુ રાખશો. સભા પરત્વે તમારી લાગણી પ્રશંસાપાત્ર છે. બીજા એક પત્રમાં લખે છે કે–મહાવીર જયન્તી ઉપર તમે અહીં ભાવનગર આવો તો એકાદ રસિક કાર્યક્રમ પ્રભુના જીવનમાંથી લઇને ધામધૂમથી ઉજવીએ. ત્રીજા પત્રમાં તેઓશ્રી લખે છે કે–એકાદ વખત વઢવાણ કેમ્પ આવવાની ઇચ્છા થાય છે, તમે વઢવાણ કેમ્પમાં જ રહો છો એટલે શ્રી રસિકલાલ પરીખને સારી રીતે જાણતા જ હશો. તેઓ મારા જમાઇ થાય છે. ભાવનગર આવો તો જરૂર મારે ત્યાં ઉતરશો. ચોથા પત્રમાં તેઓશ્રી લખે છે કે–શ્રાદ્ધવર્ય કુંવરજીભાઇના બસ્ટની અનાવરણ વિધિ વખતે તમે જરૂર આવશો કેમકે તમે આ સભાના જૂના લેખક છો, મળવાનું થશે ને સભાને ઉપયોગી વાતચીત થશે. આ મારા ઉપરના પ્રેમનું ઝાંખું ચિત્ર.

તેઓશ્રી સભાના સુકાની, વિદ્વાનોના મિત્ર, સાહિત્યના ઉપાસક, સાધકદશાને પામેલા, જ્ઞાનથી રંગાયલા, દૂરદર્શી અને પ્રજ્ઞાવંત હતા. એમનું આખું જીવન વૈરાગ્ય, ત્યાગ અને નિવૃત્તિની ભાવનાપૂર્વક યોજાયેલું હતું. આ કક્ષાના વિદ્વાનો આપણા સમાજમાં થોડા છે, કોઇ હશે તો તે અમુક રાગમાં તણાયા હશે, કોઇમાં હુંપણાનું પ્રાધાન્ય હશે, કોઇમાં સ્વાર્થભાવની વૃદ્ધિ હશે, કોઇને જૈનધર્મ પ્રતિની સાચી શ્રદ્ધા જાગી નહીં હોય. શ્રી જીવરાજભાઇની કક્ષામાં મૂકી શકાય એવા સેવાભાવી વિદ્વાનો હાલ તો નજરે આવતા નથી.

તેઓશ્રી મુત્સદ્દી હતા. મીઠા શબ્દોમાં રાજકીય સ્થિતિ સમજાવી શકતા હતા. પ્રકાશને કોઇપણ જાતના મતભેદથી કે ચર્ચાથી દૂર રાખ્યું હતું અને શ્રાદ્ધવર્ય પ્રાતઃસ્મરણીય કુંવરજીભાઇએ ચણેલા મજબૂત ચણતરને સુંદર રંગથી રંગી અલંકૃત કર્યું હતું. આ એમની અમર યાદગીરી છે.

ભક્તિ અને પ્રાર્થનાના લેખો એમના અનાસક્તભાવ અને વૈરાગી જીવનને પૂરવાર કરે છે. આવા મહાન્ આત્માઓ સંસારીના કપડામાંથી સાધ્યને સાધી લે છે. શ્રીમાન્ જીવરાજભાઈ જેવા આત્માનો સત્સંગ તો હવે કાયમને માટે દૂર, દૂર ને દૂર જ છે. હે નર્મદ ! આખરે જુદાઈ જ. આ વાક્ય આજે સત્ય ઠરે છે. આપણી આજે એ જ પ્રાર્થના હોય કે તેમનો પવિત્ર આત્મા શુભ સ્થાનમાં અપૂર્વ શાંતિ પામો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સૌજન્યમૂર્તિ જીવરાજભાઈ

ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા M. B. B. S.

સ્વ. શ્રી કુંવરજીભાઇના દેહોત્સર્ગ પછી શ્રી જૈન ધર્મ પ્રસારક સભાનું સુકાન શ્રી જીવરાજભાઇ જેવા સમર્થ હાથોમાં આવી પડયું, અને તે તેઓ તેવી જ કુશળતાથી ચલાવી રહ્યા હતા ત્યાં તો થોડા જ વર્ષમાં તેઓ પોતાના પુરોગામીના પંથે સંચર્યા, ને સભાને આ કુશળ કર્ણધારના વિરહથી દુષ્પૂર ખોટ પડી તથા ગણ્યાગાંઠ્યા અલ્પસંખ્યક વિદ્વાનોની મૂડીવાળો જૈન સમાજ તેટલો વધુ દરિદ્ર બન્યો.

શ્રી જીવરાજભાઇને તેમના લેખદર્શનથી હું પરોક્ષપણે તો ઘણા વખતથી ઓળખતો, પણ તેમનો સાક્ષાત્ પરિચય તો તેઓ છેલ્લી વખત મુંબઇ આવ્યા હતા ત્યારે થયો. તેઓ મારે ત્યાં પધાર્યા ત્યારે પ્રથમ દર્શને મારા પર તેમના સૌજન્યની ઉત્તમ છાપ પડી. તેઓ ખરેખરા અર્થમાં Gentleman સદ્‌ગૃહસ્થ–સજ્જન હતા. શ્રી **યશોવિજયજીએ** કહ્યું છે તેમ ‘ સજ્જન ’ શબ્દમાં અક્ષર થોડા છે પણ ગુણ ઘણા છે, તે લખી શકાતા નથી કે વર્ણવી શકાતા નથી, પણ મનમાં પરખાય છે. “ **અક્ષર થોડા ગુણ ઘણા, સજ્જનના તે ન લખાય રે; વાચક યશ કહે પ્રેમ શું, પણ મનમાંહે પરખાય રે.** ” પરના પરમાણુ જેવડા દોષને પર્વત જેવડો બનાવવો એ જેમ દૂધમાંથી પોરા કાઢનારા દોષ-દર્શનવિશારદ કાકદૃષ્ટિ દુર્જનનું મુખ્ય લક્ષણ છે, તેમ પરના પરમાણુ જેવડા ગુણને પર્વત જેવડો લેખી ગુણપ્રમોદ દાખવવો એ ગુણગ્રહણવિચક્ષણ હંસદૃષ્ટિ સજ્જનનું મુખ્ય લક્ષણ છે. પરન્તુ શ્રી **ભર્તૃહરિએ** કહ્યું છે તેમ આવા સજ્જનો વિરલ છે, **परगुणपरमाणून् पर्वतीकृत्य नित्यं, निजहृदि विकसंत: संति संत: कियंत: ?** ” સદ્‌ગત શ્રી જીવરાજભાઇની આ ગુણગ્રાહી સજ્જન કોટિમાં ગણના થઇ શકે.

વ્યાવહારિક વ્યવસાયથી તેઓ ન્યાયમૂર્ત્તિ હતા એટલું જ નહિં પણ અન્યધર્મ–વ્યવહારમાં પણ નિષ્પક્ષપણે ગુણદોષ–પરીક્ષણમાં તેઓ મધ્યસ્થ ન્યાયતુલા જાળવનારા યથાર્થ ‘ ન્યાયમૂર્ત્તિ ’ હતા. લૌકિક ન્યાય એ જ માત્ર આ ન્યાયમૂર્ત્તિનો પ્રિય વિષય નહોતો, પણ દર્શનશાસ્ત્રવિષયક ન્યાય પણ એમનો કેવો પ્રીતિપાત્ર વિષય હતો, એ શ્રી યશોવિજયજીકૃત અતિ દુર્બોધ ખંડખાદ્ય ગ્રંથનું વિવરણ તેમણે કર્યું હતું તે પરથી સમજી શકાય છે. અંગ્રેજી તત્ત્વજ્ઞાનના તેમજ અન્યદર્શનીય ગ્રંથોના વાંચનમાં પણ તેમની સ્વરસ પ્રવૃત્તિ દૃશ્ય થતી હતી. વૃદ્ધ અવસ્થામાં પણ તેમનો આ સાહિત્યરસ લેશ પણ સૂકાયો ન હતો, એટલું જ નહિં પણ ઉલટો વૃદ્ધિ પામતો જતો હતો. **શ્રી જૈન ધર્મ**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકાશના છેલ્લા જેઠ માસના અંકમાં પ્રગટ થયેલ તેમના 'વૃદ્ધત્વમીમાંસા' લેખ પરથી તેમના માનસનો અને સાહિત્ય-ઉપાસનાની ભાવનાનો યતકિંચિત્ પરિચય મળે છે.

આવા એક સૌજન્યમૂર્તિ, સરલાત્મા, સાહિત્યોપાસક અને સાચા ધર્મપ્રેમી સદ્ગૃહસ્થ યથાશક્ય ધર્મ સેવાકાર્ય બજાવી, સર્વ કોઇ દેહધારીને જે માર્ગે વ્હેલા-મોડું સંચરવાનું છે તે માર્ગે ગયા છે. કારણ કે 'जातस्य हि ध्रुवो मृत्युः' જન્મ્યું તે જવાનું છે, નામ-રૂપનો નાશ છે, અર્થાત્ નામ અને રૂપ એ નામકર્મની પ્રકૃતિઓ હોઈ દેહ નષ્ટ થતાં તે પણ નષ્ટ થાય છે. એટલે અત્ર પ્રાપ્ત ક્ષણજીવી યશકીર્તિ આદિ આત્માને અનુગામી થતા નથી, પણ જે સતકાર્યનું-સદ્ભાવનું-સત્ધર્મનું ઉપાર્જન આત્માએ કર્યું તે જ મૃતની સાથે જતું હોઇ 'અમૃત' છે; નામ ભલે જાય પણ કામ જતું નથી. શ્રી યોગદૃષ્ટિસમુચ્ચયમાં સંવેગરંગી **શ્રી હરિભદ્રાચાર્યજી**નું સુભાષિત-વચનામૃત છે કે-ધર્મ એ જ એક સાચો મિત્ર છે કે જે મૃતની પાછળ પણ જાય છે, બાકી બીજું બધું તો આ શરીરની સાથે જ નષ્ટ થાય છે.

**" एक एव सुहृद्धर्मो, मृतमप्यनुयाति यः ।**
**शरीरेण समं नाशं, सर्वमन्यत्तु गच्छति ॥ "**

**સુહૃદ્ સાચો એકલો ધર્મ થાયે, મૂઆની જે પાછળ જેહ જાયે;**
**બાકી બીજું તો બધું યે બળે છે, કાયા સાથે ખાખમાંહી ભળે છે.**

**—યોગદૃષ્ટિકલશ** ( સ્વરચિત )

સદ્ગત શ્રી જીવરાજભાઇ આ સર્વત્ર અનુગામી વફાદાર ધર્મમિત્રનું સૌહાર્દ સાથે લેતા ગયા છે. દેહપર્યાય ભલે મૃત થાય, પણ આત્મા અમૃત છે; દેહ ભલે જીર્ણ થાય, પણ સાચો ધર્મરંગ જીર્ણ થતો નથી; ઘાટ-ઘડામણ ભલે જાય, પણ સુવર્ણ વિણસતું નથી. યશઃશ્રીથી જીવંત **શ્રી યશોવિજયજી**નું અમૃત વચન છે કે—

**" સાચો રંગ તે ધર્મનો...સાહેલડીઆં, બીજો રંગ પતંગ રે, ગુણવેલડીઆં.**
**ધર્મ રંગ જીરણ નહિં...સાહે૦ દેહ તે જીરણ થાય રે...ગુણ૦**
**સોનું તે વિણસે નહિં...સાહે૦ ઘાટ ઘડામણ જાય રે...ગુણ૦ "**

**—ઉપા૦ શ્રી યશો૦ કૃત શ્રી અનંતનાથ જિન સ્તવન.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

स्वर्गस्थ

# श्री जीवराजभाई

શ્રી જીવરાજભાઇના અવસાનનાં સમાચાર સાંભળ્યાં ત્યારે દુઃખ થયું. ભાવનગર એક પછી એક આગેવાનો ગુમાવી રહ્યું છે. મુરબ્બી કુંવરજીભાઇ ગયા અને સભાને, ભાવનગરને અને વિશેષ કહું તો જૈન સમાજને ન પૂરાય તેવી ખોટ પડી. એમના પછી જીવરાજભાઈ સભાના પ્રમુખ તરીકે આવ્યા–તે પણ એવા સમયે કે જ્યારે તેઓ નિવૃત્તિપરાયણ જીવન ભોગવતા હતા. એટલે તેમનાં વાચન–મનનનો લાભ સભાના માસિક શ્રી જૈનધર્મ પ્રકાશને લેખોદ્વારા મળવા લાગ્યો તેમજ સભાને લાયક પ્રમુખ મળી ગયા.

શ્રી કુંવરજીભાઇ, શ્રી મોતીચંદભાઇ, શ્રી જીવરાજભાઈ આદિ ગયા. કાળના અનાદિ અને શાશ્વત નિયમને વશ વર્ત્યા વિના છૂટકો જ નથી. વળી એ ત્રણે વ્યક્તિઓ પુખ્ત ઉમ્મરે અને પોતાનો લાભ સમાજને આપીને ગયેલ છે. પણ દુઃખ એ વાતનું છે કે–જેઓ જાય છે તેમનું સ્થાન અણપૂરાયેલું રહે છે. આ પ્રશ્ન સામાન્ય નથી, પણ ખૂબ વિચારણીય છે.

શ્રી જીવરાજભાઇ માસિક માટે કેટલી ચિંતા સેવતા તેની આ લેખકને ખબર છે. ચાર–છ મહિને તેમનો પત્ર આવ્યો જ હોય: " કેમ ભાઈ, કાંઇ લખીને મોકલતા નથી. " સંસ્થાના સુકાનીની આવી ચિંતા વિના કોઈ પણ સંસ્થા જાગૃત કે સતેજ ભાગ્યે જ રહી શકે.

લાંબા પરિચયના અભાવે તેમના વિશેષ સ્મરણો કે જીવન પરત્વે વધુ લખી શકતો નથી. આ અંકમાં અન્યત્ર તેવી સામગ્રી મળી રહેશે.

અંતમાં તેમના આત્માને શાંતિ ઇચ્છી, નવા સેવકો મળી રહે તે કામના સેવીએ. અસ્તુ !

લેખકઃ—
શ્રી રાજપાલ મગનલાલ વ્હોરા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વ. શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી.

ભાવનગરનિવાસી શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશીનું ૭૫ વર્ષની ઉમ્મરે તા. ૨૮-૬-૫૨ ના રોજ અવસાન થતાં ભાવનગરને એક અગ્રગણ્ય નાગરિક અને જૈન સમાજને એક વિદ્વાન આગેવાનની ખોટ પડી છે. જૈન સમાજની સૌથી જૂની અને જાણીતી પ્રકાશન સંસ્થા '**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા**' ના તેઓ પ્રમુખ હતા અને '**શ્રી જૈન ધર્મ પ્રકાશ**' નામના માસિકનું તેઓ કેટલાક સમયથી સંપાદન કરતા હતા. ભાવનગર જૈન બોર્ડીંગનો તેઓ ઘણાં વર્ષોથી વહીવટ સંભાળતા હતા. ભાવનગર પાંજરાપોળના પણ તેઓ કેટલાએક વખતથી પ્રમુખ હતા અને બે કે ત્રણ વર્ષ પહેલાં નાદુરસ્ત તબિયતના કારણે તે જવાબદારીથી મુક્ત થયા હતા. ભાવનગર જૈન શ્વે. મૂ. સંઘના તેઓ એક આગેવાન હતા અને સંઘની અનેક પ્રવૃત્તિઓમાં તેઓ સારો ભાગ લેતા હતા.

વિદ્યાર્થી તરીકે તેમની કારકીર્દી ઉજ્જવળ હતી. ૨૦ વર્ષની ઉમ્મર આસપાસ બી. એ. થયા બાદ ભાવનગરની આલ્ફ્રેડ હાઇસ્કૂલના એક શિક્ષક તરીકે તેમણે પોતાના વ્યવસાયી જીવનની શરૂઆત કરી હતી. એ વ્યવસાય દરમિયાન તેમણે એલ.એલ. બી. ની પરીક્ષા પસાર કરી અને ત્યાર બાદ ભાવનગર રાજ્યના ન્યાયખાતામાં તેઓ જોડાયા. આ ખાતામાં તેઓ એક પછી એક ઉચ્ચતર અધિકાર પ્રાપ્ત કરતા ગયા અને ત્યાંની હાઇકોર્ટના સર ન્યાયાધીશ( Chief Judge )ના પદ સુધી પહોંચ્યા. આ સ્થાન ઉપર તેમણે સારી લોકપ્રિયતા પ્રાપ્ત કરી હતી અને લગભગ ૬૦ વર્ષની ઉમ્મરે તેઓ નિવૃત્ત થયા હતા.

તેઓ જૈન ધર્મના તેમ જ પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનના સારા અભ્યાસી હતા. જૈન ધર્મ પ્રકાશના સંપાદન કાળ દરમિયાન તેમણે અનેક તાત્ત્વિક અને આધ્યાત્મિક વિષયો ઉપર વિદ્વત્તાપૂર્ણ અને ચિન્તનાત્મક લેખો લખ્યા હતા અને 'કાળ'–'Time' જેવા ગહન વિષયની તેમણે વિસ્તારથી ચર્ચા કરી હતી અને જૈન ફિલસુફીનું આ પ્રશ્ન સંબંધમાં શું દૃષ્ટિબિન્દુ છે તે સમજાવવાનો સ્તુત્ય પ્રયત્ન કર્યો હતો. નિવૃત્ત જીવન તેમણે મોટા ભાગે વાંચન, ચિન્તન તેમ જ અધ્યયન પાછળ ગાળ્યું હતું, તેઓ ધાર્મિક તેમ સામાજિક બાબતોમાં ઉદાર વિચાર ધરાવતા હતા અને સુચારિત્ર્ય અને સૌજન્યવડે તેમણે ચોતરફ સુવાસ ફેલાવી હતી. તેમનામાં ઊંડી ધર્મશ્રદ્ધા અને ચોક્કસ પ્રકારની તત્વનિષ્ઠા હતી. તેઓ પોતાની પાછળ પુત્ર-પુત્રીઓનો એક બહોળો સુખી પરિવાર મૂકી ગયા છે.

આ રીતે આપણે જેમના દીર્ઘ જીવનને સફળ અને મૃત્યુને ભાગ્યશાળી લેખીએ એવા **શ્રી** જીવરાજભાઇના આત્માને શાશ્વત શાન્તિ પ્રાપ્ત થાઓ !

[ ૧ લી જુલાઇ. '**પ્રબુદ્ધ જૈન**' ] શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વ. જીવરાજભાઈ

શિક્ષણ, સાહિત્ય અને સંસ્કારની ઉપાસનામાં પોતાના પોણોસો વરસ વીતાવી શ્રીયુત જીવરાજભાઈ ઓધવજી દોસી બી. એ. એલ-એલ. બી. એ પોતાની જીવનયાત્રા સંકેલી.

પ્રતિભાશાળી અને વિચારશીલ સંસ્કારી વ્યક્તિઓનો સમૂહ એ ભાવનગરની મહામૂલી મૂડી છે. આ વ્યક્તિઓએ ભાવનગરનું ગૌરવ વધાર્યું છે. સમસ્ત જૈન જગતમાં ભાવનગરને અગ્રસ્થાને રાખ્યું છે. આજે એ તેજસ્વી પુરુષોની મૂડી જાણે ખૂટતી આવતી હોય તેમ એક પછી એક તેજસ્વી પુરુષો ભાવનગરે ગુમાવ્યા છે.

શ્રીમાન્ જીવરાજભાઈનું અવસાન એ પણ ભાવનગરની રહીસહી તેજસ્વી વ્યક્તિઓમાંથી વધુ એકને ગુમાવવા જેવો દુઃખદ પ્રસંગ ગણાય.

વડીલોએ તો ચાર-પાંચ ગુજરાતી ધોરણનો જ અભ્યાસ કર્યો હતો. સામાન્ય સંયોગો વચ્ચે જીવરાજભાઈએ પોતાના વિદ્યાર્થી જીવનની શરૂઆત કરી. બુદ્ધિ તેજ હતી. પ્રથમ ધોરણથી જ દરેક ધોરણ સુધી હંમેશા પ્રથમ કક્ષાએ ઉત્તીર્ણ થઈ મેટ્રિકમાં શ્રી જસવંતસિંહજી સ્કોલરશીપ તેઓએ મેળવી. કૉલેજમાં ફેલોશીપ પણ પ્રાપ્ત કરી અને એક બાજુ નોકરી અને બીજી બાજુ અભ્યાસ કરતા કરતા તેઓ કાયદાશાસ્ત્રી થયા. ધારાશાસ્ત્રી તરીકે થોડો જ સમય કામ કરવા બાદ તેઓ ન્યાયાધિકારીના પદે નિમાયા અને ધીમે ધીમે ભાવનગર સ્ટેટના વડા ન્યાયાધિકારીનું માનભર્યું પદ તેઓ મેળવી શક્યા હતા, તેમના બુદ્ધિ-વૈભવની આ યશસ્વી ફતેહ હતી. જૈન સમાજ માટે પણ એ ગૌરવનો પ્રસંગ હતો.

આમ સામાન્ય સંયોગોમાં પ્રગતિ સાધવા પછી શિક્ષણ અને સાહિત્યસેવાનું મૂલ્ય બરાબર સમજી શક્યા હતા, અને ભાવનગરની જૈન બોર્ડીંગને પુનર્જીવન આપવામાં તેઓશ્રીનો સતત શ્રમ નોંધપાત્ર બન્યો હતો. બોર્ડીંગના આત્મા તરીકે છેવટ સુધી તેઓશ્રીએ સેવા બજાવી છે.

શ્રી જૈન ધર્મ પ્રસારક સભાની પ્રવૃત્તિમાં મૂળથી જ તેઓ રસ ધરાવતા. શ્રીયુત કુંવરજીભાઈના સ્વર્ગવાસબાદ આ સંસ્થાના પ્રમુખ બન્યા અને સભાની માસિક વિગેરે પ્રવૃત્તિમાં તેઓ સારો રસ ધરાવતા હતા.

પાંજરાપોળ, જૈન સંઘ, જૈન શ્વે. કોન્ફરન્સ અને અન્ય સંસ્થાઓમાં આપેલ સેવા પણ એટલી જ આવકારદાયક હતી.

શિક્ષણ, સાહિત્ય અને સંસ્કારવિકાસ એ એમના જીવનનો પ્રિય વ્યવસાય હતો. જીવનના છેલ્લા શ્વાસ સુધી પોતાનો આ શોખ બરાબર ટકાવી રાખ્યો હતો.

લક્ષ્મી કરતા શારદાનું મહામૂલ્ય તેઓ સમજતા હતા. સંસ્કાર-ધનના એક ઉપાસક તરીકે આ વસ્તુને તેઓશ્રીએ જીવનના એક સિદ્ધાંત તરીકે અપનાવી હતી.

જીવનના છેલ્લા દિવસો તેઓશ્રી વાચન, મનન અને લેખનમાં વિતાવતા હતા. જ્ઞાનોપાસના એ જ એમનો મુખ્ય વ્યવસાય બન્યો હતો.

[ ૫ મી જુલાઇ " જૈન " ]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સદ્‌ગતને નિવાપાંજલિઓ

## શ્રી જૈન ધર્મ પ્રસારક સભાનો ઠરાવ.

અષાડ શુદ સાતમ ને રવિવારના રોજ બપોરના સાડાચાર કલાકે શ્રીયુત્ ભોગીલાલભાઇ મગનલાલ શેઠના પ્રમુખપણા નીચે શ્રી **જૈન ધર્મ પ્રસારક સભાની** જનરલ કમિટી મળતાં શરૂઆતમાં **શ્રી અમરચંદ માવજી શાહે** સદ્‌ગતને સ્મરણાંજલિરૂપ કાવ્ય સંભળાવ્યા બાદ પંડિત **શ્રી જગજીવન પોપટલાલે** " અનિત્ય ભાવના " સંભળાવી હતી. અને વિશેષમાં જણાવ્યું હતું કે-**जातस्य हि ध्रुवो मृत्युः ।** જે જન્મ્યો છે તેનું અવશ્ય મૃત્યુ તો થવાનું જ છે, પણ જેનો યશરૂપી દેહ ચિરસ્થાયી રહે છે તેઓ જ સાર્થક જીવન જીવી ગયા છે.

બાદ **શ્રી ગુલાબચંદ લલ્લુભાઇએ** જણાવ્યું કે-સદ્‌ગતની સંઘની, સભાની અને દાદાસાહેબ બોર્ડીંગની સેવાથી આપણે પરિચિત છીએ. તેઓશ્રીએ ઉચ્ચ હોદ્દો ભોગવ્યો હતો, છતાં તેમનામાં લઘુતા હતી. તેમણે કદાપિ મોટાઇ દર્શાવી નથી. નિવૃત્ત જીવનમાં તેઓ અધ્યાત્મના ક્ષેત્રમાં આગળ વધી નિર્લેપપણે કર્તવ્યપરાયણ રહેતા હતા.

**શ્રી ભોગીલાલભાઈ મગનલાલ શેઠે** જણાવ્યું કે-શ્રી જીવરાજભાઇની ખોટ સભાને ન પુરાય તેવી છે. સમાજને સેવાભાવી સદ્‌ગૃહસ્થ અને પીઢ શહેરીની ખોટ પડી છે. ન્યાયાધીશ તરીકેનો માનવંતો હોદ્દો હોવા છતાં તેમના જીવનમાં સાદાઈ વણાઇ ગઇ હતી. આપણે તેમના આત્માની શાન્તિ ઇચ્છીએ.

બાદ શ્રીયુત્ **અમરચંદ કુંવરજી શાહે** નીચેનો શોકદર્શક ઠરાવ મૂકયો હતો, જે સૌએ ઊભા થઇને પસાર કર્યો હતો.

### ઠરાવ.

આપણી સભાના માનનીય પ્રમુખ, જૈન સમાજના અગ્રણી, કેળવણીપ્રિય અને યશસ્વી નિવૃત્ત ન્યાયાધીશ શ્રીયુત જીવરાજભાઇ ઓધવજી દોશીના સં. ૨૦૦૮ ના અશાડ શુદિ છઠ્ઠ ને શનિવારના રોજ છોંતેર વર્ષની વયે થયેલ સ્વર્ગવાસ બદલ શ્રી જૈન ધર્મ પ્રસારક સભા પોતાનો ઊંડો ખેદ વ્યક્ત કરે છે.

સભાના પ્રમુખપદની જવાબદારી સ્વીકાર્યા પછી તેઓએ તેના વ્યવસ્થિત સંચાલનમાં અને " શ્રી જૈન ધર્મ પ્રકાશ " માસિકના પ્રકાશનમાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. તેઓશ્રીએ ફક્ત સભાની જ સેવા કરી હતી એટલું જ નહિ પરંતુ અત્રેની દાદાસાહેબ જૈન બોર્ડીંગ અને સ્થાનિક પાંજરાપોળ તેમની વર્ષો પર્યન્તની મૂક સેવાની સાક્ષી પૂરી રહ્યા છે.

તેઓ સામાજિક સુધારાને વિશેષ મહત્ત્વ આપતા હતા અને ખાસ કરીને દેશકાળને અનુસરવાની વારંવાર સલાહ આપતા હતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવનગર રાજ્ય સમયની તેઓશ્રીની ન્યાયપ્રિયતા પ્રશંસાપાત્ર નીવડી હતી અને તેથી ઉત્તરોત્તર વિકાસ સાધી તેઓ ચીફ જજના માનવંતા સ્થાનને પ્રાપ્ત કરી શક્યા હતા. "શ્રી જૈન ધર્મ પ્રકાશ"માં પ્રગટ થતાં તેઓશ્રીના ગ્રાહ્ય અને વિદ્વત્તાથી ભરપૂર લેખો તેમના સૂક્ષ્મ વાંચન, ઊંડું ગવેષણ અને પૃથક્કરણ શક્તિના સુંદર દષ્ટાંતો છે.

અમો વિદ્વાન લેખક, અભ્યાસી અને વિચારક સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છી તેમના આપ્તજનો પર આવી પડેલ દુઃખ પરત્વે ઊંડી દિલસોજી દર્શાવીએ છીએ.

* * *

## ભાવનગર પાંજરાપોળનો ઠરાવ.

શ્રીયુત ભોગીલાલભાઇ મગનલાલ શેઠના પ્રમુખપણા નીચે સં. ૨૦૦૮ ના અ. શુ. ૭ ના રોજ મળેલ **શ્રી ભાવનગર પાંજરાપોળની** મિટીંગ શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશીના સં. ૨૦૦૮ ના અશાડ શુદી ૬ ને શનિવારના રોજ થયેલ સ્વર્ગવાસ બદલ ખેદની લાગણી પ્રદર્શિત કરે છે.

તેઓશ્રી આ સંસ્થાના પીસ્તાલીશથી વધુ વર્ષોથી સભાસદ હતા તેમજ સં. ૧૯૮૪ થી સં. ૨૦૦૬ સુધી પ્રમુખ તરીકેના જવાબદારીભર્યા સ્થાન ઉપર હતા. સં. ૧૯૯૬ના દુષ્કાળમાં ફંડ કરવા કમિટી મુંબઇ ગઇ હતી તેમાં તેઓશ્રીએ પણ તન–મનથી ફાળો આપ્યો હતો. કાયદા વિગેરેની તેમજ બીજી સલાહની જરૂર હોય ત્યારે તેઓશ્રીએ સંસ્થાને કીંમતી સૂચનો આપ્યા હતા. મૂંગા પ્રાણીઓ તરફનો તેમનો પ્રેમ ખૂબ જ હતો.

તેઓશ્રીના અવસાનથી આ સંસ્થાને સહૃદયી સભાસદની ખોટ પડી છે. તેઓશ્રીના આત્માને પરમ શાંતિ મળો તેવી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ.

* * *

## દાદાસાહેબ બોર્ડીંગનો ઠરાવ.

શ્રીયુત ભોગીલાલભાઇ મગનલાલ શેઠના પ્રમુખપણા નીચે મળેલ શ્રી દાદાસાહેબ જૈન બોર્ડીંગની મીટીંગે ઠરાવ્યું કે—

ભાવનગર જૈન બોર્ડીંગના માનનીય સેક્રેટરી શ્રીયુત જીવરાજભાઇ ઓધવજી દોશીના સં. ૨૦૦૮ ના અશાડ શુદિ છઠ્ઠને શનિવારના રોજ છોંતેર વર્ષની વયે થયેલ સ્વર્ગવાસ બદલ બોર્ડીંગ પોતાનો ઊંડો ખેદ વ્યક્ત કરે છે.

આજથી લગભગ દશ વર્ષ પહેલાં જ્યારે જૈન બોર્ડીંગની આર્થિક સ્થિતિ નબળી હતી ત્યારે તેઓશ્રીએ મુંબઇ જઇ બોર્ડીંગ માટે સારી રકમ એકત્ર કરી હતી. જૈન બોર્ડીંગની ઉન્નતિને તેઓ પોતાનું જીવનધ્યેય સમજતા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમો સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છી તેઓશ્રીના આપ્તજનો પર આવી પડેલ દુઃખ પરત્વે ઊંડી દિલસોજીની લાગણી વ્યક્ત કરીએ છીએ.

* * *

## ભાવનગર શ્રી સંઘનો ઠરાવ.

અશાડ શુદિ આઠમના રોજ શ્રી ભોગીલાલભાઈ મગનલાલના પ્રમુખસ્થાને મળેલ શ્રી શ્વે. મૂ. તપા સંઘની મિટીંગે નીચે પ્રમાણે શોકદર્શક ઠરાવ પસાર કર્યો હતો.

શ્રી ભાવનગર જૈન શ્વેતાંબર સંઘના તથા સમાજના અગ્રણી, વિદ્વાન, ભાવનગર સ્ટેટના માજી સર ન્યાયાધીશ શ્રી જીવરાજભાઇ ઓધવજીના સં. ૨૦૦૮ ના અશાડ ૬ ને શનિવારે સાંજે છોંતેર વર્ષની ઉમરે થયેલ અવસાનથી અત્યંત દિલગીરી દર્શાવે છે.

તેઓશ્રી દરેક કામમાં સાચા સલાહકારક, કાર્યક્ષમ અને માર્ગદર્શક હતા. તેઓ ધર્મ સાહિત્યના ઊંડા અભ્યાસી, તત્ત્વચિંતક અને વિવેચક હતા. વ્યવહારિક કેળવણી તથા ધર્મવિષયક સાહિત્ય સંસ્થાની તેઓએ જીવનપર્યન્ત સેવા કરી હતી. તેઓશ્રીએ સંઘ, સમાજ તથા જુદી જુદી સંસ્થાઓની નમ્રતાપૂર્વક જે સેવા ઘણા વરસો સુધી કરી છે તેની પ્રશંસા સાથે શ્રી સંઘ નોંધ લે છે. તેમના સ્વર્ગવાસથી શ્રી સંઘ તથા જૈન સમાજને ઘણી ખોટ પડી છે તેમ આ સભા માને છે. તેમના કુટુંબી જનોને થએલ દુઃખમાં શ્રી સંઘ દિલસોજી દર્શાવે છે તથા સ્વર્ગસ્થના આત્માની શાન્તિ માટે પ્રાર્થના કરે છે.

* * *

## શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળાનો ઠરાવ.

શ્રી વિઠ્ઠલદાસ મૂળચંદ શાહના પ્રમુખપણા નીચે અશાડ શુદ ૧૫ને સોમવારના રોજ મળેલ શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળાની કમિટીએ નીચે પ્રમાણે શોકદર્શક ઠરાવ પસાર કર્યો હતો.

શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી જૈન સમાજના એક સંસ્કારી, વિચારક અને આગેવાન હતા. શિક્ષણ અને સાહિત્યમાં ઊંડો રસ ધરાવતા અને અભ્યાસી હતા. તેઓએ ભાવનગર રાજ્યના સર ન્યાયાધીશ તરીકે સેવા બજાવી હતી.

શ્રી દાદાસાહેબ જૈન બોર્ડીંગ, શ્રી જૈનધર્મ પ્રસારક સભા અને શ્રી ભાવનગર પાંજરાપોળમાં આગળ પડતું કામ કરતા હતા. ભાવનગરના જૈન સંઘના અને સમાજના પ્રશ્નોમાં પણ તેઓ ઊંડો રસ લેતા. તેમના સ્વર્ગવાસની અત્યંત દિલગીરી સાથે આ સભા નોંધ લે છે અને જૈન સમાજને એક સહૃદય અને સંસ્કારી આગેવાનની સહેલાઇથી ન પૂરી શકાય તેવી ખોટ પડી છે, તેમ આ સભા માને છે. તેમના આપ્તજનો પર આવી પડેલ દુઃખમાં આ સભા પોતાની સહાનુભૂતિ દર્શાવે છે અને સ્વર્ગસ્થના આત્માને શાંતિ મળે તેવી પરમાત્માને પ્રાર્થના કરે છે.

* * *

## શ્રી વિજયધર્મ પ્રકાશક સભાનો ઠરાવ.

અશાડ વદ ૯ ને મંગળવારના રોજ શ્રીયુત બેચરલાલ નાનચંદ શાહના પ્રમુખસ્થાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળેલ શ્રી વિજયધર્મ પ્રકાશક સભાએ ઠરાવ કર્યો હતો કે-" ભાવનગરના અગ્રગણ્ય શહેરી અને ભાવનગરના જૈન સંઘના આગેવાન શ્રી. જીવરાજભાઇ ઓધવજી દોશીના થયેલ ખેદકારક અવસાન માટે આ સભા પોતાની દિલગીરી વ્યક્ત કરે છે. તેઓશ્રી શિક્ષણપ્રેમી તેમજ જૈન તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી અને અનેક જૈન સંસ્થાઓના કાર્યવાહક અને માર્ગ-દર્શક હતા. તેમના અવસાનથી ભાવનગરની જૈન કોમને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. શાસનદેવ સ્વર્ગસ્થના આત્માને પૂર્ણ શાંતિ આપે તેવી આ સભા પ્રાર્થના કરે છે."

* * *

## સ્વ. જીવરાજભાઇ

ભાવનગર રાજ્યની વિશિષ્ટ અદાલતના એક વખતના સર ન્યાયાધીશ શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશીનું ગઇ તા. ૨૮ મીએ એમના નિવાસસ્થાને ૭૬ વર્ષની વયે ખેદજનક અવસાન થયું છે. શ્રી જીવરાજભાઇ અત્રેની શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના પ્રમુખ હતા અને આ સભાના ઉત્કર્ષમાં એમનો ઘણો મહત્ત્વનો ફાળો હતો. તેઓ જૈન તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી હતા, એટલું જ નહિ પણ એક સારા લેખક પણ હતા. આગમોનો પણ એમનો તલસ્પર્શી અભ્યાસ હતો અને નિવૃત્ત થયા પછી તેઓ પોતાનો બધો સમય ધર્મ, સાહિત્ય અને સમાજની સેવામાં વ્યતીત કરતાં હતાં. તેઓએ પોતાની પ્રારંભની કારકીર્દિ અત્રેની આલ્ફ્રેડ હાઇસ્કૂલમાં શિક્ષક તરીકે શરૂ કરી હતી અને તેમાંથી ક્રમે ક્રમે આગળ વધી તેઓ રાજ્યના વડા ન્યાયાધીશને દરજ્જે પહોંચ્યા હતા. ભાવનગર રાજ્યના ન્યાયખાતામાં એમણે ન્યાયાધીશ તરીકે સારી નામના મેળવી હતી. તેઓ પોતે રાષ્ટ્રીય વિચારના હતા અને તેથી તેમનું કુટુંબ રાષ્ટ્રીય ભાવનાથી રંગાએલું છે. તેઓ એક અચ્છા લેખક પણ હતા. ભાવનગર સમાચારમાં પણ તેઓ અવારનવાર લખતા. જૈન તત્ત્વજ્ઞાન સંબંધી એમણે છૂટક છૂટક ઘણું લખ્યું છે, અને એ બધાનો જો સંગ્રહ કરવામાં આવે તો એ વિષય ઉપરનો એક પ્રમાણભૂત ગ્રંથ થાય. એમના અવસાનથી ભાવનગરના જૈન સંઘે સ્વ. કુંવરજીભાઇ પછી એક સારો એવો અભ્યાસી ગુમાવ્યો છે અને ભાવનગર શહેરને એક સારા નાગરિકની ખોટ પડી છે. એમના માનમાં અત્રેની સરકારી હાઇસ્કુલ બંધ રાખવામાં આવી હતી. તેઓના જ્યેષ્ટ પુત્ર ડૉ. દોશી અહિંના જસવંતસિંહજી દવાખાનામાં ડૉક્ટર છે, અને બીજા પુત્રો પણ ધંધાદારી ક્ષેત્રમાં તેમજ નોકરીમાં સારી રીતે જોડાયેલા છે.

[ **ભાવનગર સમાચાર**, ૫ મી જુલાઇ. ]

* * *

સ્વર્ગસ્થના માનાર્થે શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, શેઠ ત્રિભોવનદાસ ભાણજી જૈન કન્યાશાળા, શ્રી ઉજમબાઈ જૈન કન્યાશાળા તથા આલ્ફ્રેડ હાઇસ્કૂલમાં રજા રાખવામાં આવી હતી.

તેઓશ્રીના શ્રેયાર્થે તેમના કુટુંબીજનો તરફથી અશાડ વદિ તેરસ શનિવારના રોજ શ્રી દાદાસાહેબમાં પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવેલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચાતુર્માસમાં વાંચવા યોગ્ય ધાર્મિક પુસ્તકો.

| | |
|---|---|
| ઉપમિતિભવપ્રપંચ કથા ભાગ ૧ ( પ્રસ્તાવ ૧-૨-૩ ) | ૩-૦-૦ |
| ઉપમિતિભવપ્રપંચ કથા ભાગ ૨ ( પ્રસ્તાવ ૪-૫ ) | ૩-૦-૦ |
| ઉપમિતિભવપ્રપંચ કથા ભાગ ૩ ( પ્રસ્તાવ ૬-૭-૮ ) | ૩-૮-૦ |
| ઉપમિતિભવપ્રપંચ કથા ભાગ ૪ ( કર્તા સિદ્ધર્ષિનું જીવનચરિત્ર ) | ૩-૦-૦ |
| ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ ૧ | ૨-૮-૦ |
| ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ ૩ | ૨-૦-૦ |
| ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર ભાષાંતર પર્વ ૧-૨ ( છઠ્ઠી આવૃત્તિ ) | ૬-૦-૦ |
| ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર ભાષાંતર પર્વ ૩ થી ૬ | ૩-૪-૦ |
| ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર પર્વ ૮-૯ | ૩-૦-૦ |
| શ્રી આનંદઘન ચોવીશી-સાર્થ | ૧-૧૨-૦ |
| ભોજપ્રબંધ ભાષાંતર | ૧-૮-૦ |
| હિતશિક્ષાના રાસનું રહસ્ય | ૧-૮-૦ |
| તાત્ત્વિક લેખસંગ્રહ ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી ) | ૨-૦-૦ |
| શ્રી કર્પૂરવિજયજી લેખસંગ્રહ ભા. ૮ | ૧-૧-૦ |
| દાનધર્મ, પંચાચાર | ૧-૦-૦ |
| શ્રાદ્ધદિનકૃત્ય ભાષાંતર | ૦-૧૨-૦ |
| ઐતિહાસિક પૂર્વજોની ગૌરવગાથા ( મો. દી. ચોકસી ) | ૨-૦-૦ |
| નવસ્મરણ ( ગુજરાતી ) | ૦-૧૨-૦ |
| સાદા ને સરલ પ્રશ્નોત્તર ભા. ૨ | ૦-૫-૦ |
| ,, ,, ભા. ૩ | ૦-૫-૦ |
| ,, ,, ભા. ૪ | ૦-૫-૦ |
| ભુવનભાનુ કેવળી ચરિત્ર | ૦-૮-૦ |
| યુગાદિ દેશના ભાષાંતર | ૦-૧૨-૦ |
| વ્યવહાર કૌશલ્ય ભાગ ૨ જો | ૦-૩-૦ |
| વૈરાગ્યશતક-સવિવેચન સહિત | ૧-૪-૦ |
| ,, ,, ( નાનું ) | ૧-૦-૦ |
| નિહ્નવવાદ | ૩-૦-૦ |
| શ્રી તત્વાર્થ સૂત્ર-સવિવેચન | ૩-૦-૦ |
| અખાત્રીજનો મહિમા ( કથા ) | ૦-૧૨-૦ |
| જયવિજય ( કથા ) | ૦-૮-૦ |
| વરદત્ત અને ગુણમંજરી (કથા) | ૦-૮-૦ |
| વિક્રમાદિત્ય ( કથા ) | ૦-૧૦-૦ |
| શિવભૂતિ | ૦-૪-૦ |
| મૌન એકાદશીનો મહિમા | ૦-૯-૦ |
| પોષ દશમીનો પ્રભાવ | ૦-૮-૦ |
| ભગવાન શ્રી નેમિનાથ અને શ્રીકૃષ્ણ | ૨-૦-૦ |
| સિદ્ધચક્ર આરાધન વિધિ વિસ્તૃત | ૨-૮-૦ |
| સિદ્ધચક્ર સ્વરૂપદર્શન | ૦-૮-૦ |
| અર્હત્પ્રાર્થના | ૦-૪-૦ |
| શ્રી ઉપદેશપ્રાસાદ ( હિંદી ) | ૩-૦-૦ |
| સૌરભ | ૧-૧૨-૦ |
| શ્રી સીમંધર શોભાતરંગ | ૨-૦-૦ |
| પાંચ પુષ્પો | ૩-૨-૦ |
| સમ્રાટ્ વિક્રમાદિત્ય ( હિંદી ) | ૫-૦-૦ |
| પ્રભાવિક પુરુષો ભાગ ૨ જો | ૩-૮-૦ |
| પ્રભાવિક પુરુષો ભાગ ૩ જો | ૩-૮-૦ |
| જૈન ગુર્જર કવિઓ ભાગ ૧ લો | ૨-૦-૦ |
| જૈન પ્રાચીન સાહિત્ય સંગ્રહ ભા. ૧ | ૩-૮-૦ |
| ,, ,, ભા. ૨ | ૩-૮-૦ |
| જંબૂસ્વામી રાસ | ૦-૮-૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156


## અક્ષયનિધિ તપવિધિ.

અક્ષયનિધિ તપ કરનાર બહેનોને ઉપયોગી આ પુસ્તિકા હાલમાં નવી જ છાપવામાં આવી છે. તેમાં વિધિની સમજ આપવા ઉપરાંત ચૈત્યવંદન, સ્તવન વિગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે. અક્ષયનિધિતપ કરનાર "સુંદરી" ની રસમય કથા પણ આપવામાં આવેલ છે. કિંમત માત્ર ત્રણ આના.

લખો–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર.

## શ્રી વિધિયુક્ત પંચપ્રતિક્રમણ સૂત્ર.

પ્રતિક્રમણ કરવાના સૂત્રો નહીં જાણનાર ભાઇ-બહેન પણ ફક્ત આ પુસ્તક વાંચીને પ્રતિક્રમણ કરી શકે તેવી આ પુસ્તકમાં ગોઠવણ કરવામાં આવી છે. વાંચતા જાવ અને વચ્ચે–વચ્ચે વિધિની સમજણ આપવામાં આવી છે તે પ્રમાણે ક્રિયા કરતા જાવ એટલે પ્રતિક્રમણ થઇ શકશે. મૂલ્ય રૂા. બે.

લખો–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર.

## પાઇય (પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય.

### લેખક–શ્રી હીરાલાલ રસિકલાલ કાપડિયા M. A.

શ્રી હીરાલાલભાઇના તલસ્પર્શી સંશોધન અને વિવેચનથી આજે કોણ અજાણ છે? તેમના "આગમોનું દિગ્દર્શન" જેવું જ આ પુસ્તક પણ સંશોધનપૂર્ણ અને વિદ્વાનોને રુચિકર થઇ પડે તેવું છે. પ્રાકૃત ભાષાને લગતી વિશદ વિવેચના બે ખંડમાં કરવામાં આવી છે. છેવટે પૂરવણી અને કેટલીક સૂચના પણ આપેલ છે.

આજે જ્યારે પ્રાકૃત ભાષાના પ્રચાર અને અભ્યાસક્રમમાં તેને યોગ્ય સ્થાન આપવાની હીલચાલ ચાલી રહી છે ત્યારે આ પુસ્તક તેની મહત્તા દર્શાવવા માટે અનુપમ સાધન છે.

ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ ૨૭૫, પાકું બાઇડીંગ. મૂલ્ય રૂપિયા છ.

લખો–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર.

પ્રગટ થયો છે. અપ્રાપ્ય ગ્રંથ

## શ્રીત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર–ભાષાંતર

આવૃત્તિ છઠ્ઠી [પર્વ. ૧–૨] મૂલ્ય રૂપિયા છ

છેલ્લાં પાંચેક વર્ષથી આ ગ્રંથ મળતો ન હતો તેની છઠ્ઠી આવૃત્તિ અમોએ છપાવીને હાલમાં બહાર પાડી છે. ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્રને માટે વિશેષ શું લખવાનું હોય? કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજીની આ કૃતિ સર્વોત્તમ છે. આપણા જૈન–સાહિત્યમાં સુવર્ણ કળશ સમાન છે. તમારી નકલ આજે જ મંગાવી લેશો

પાકું હૉલકલૉથ બાઇંડીંગ, ક્રાઉન આઠ પેજી ૪૦૦ પૃષ્ઠ, ઊંચા હૉલેંડના કાગળો

મૂલ્ય રૂપિયા છ

લખો–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર.


મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઇ–શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only